
# સંસ્કારોના ગુણાકાર



પ્રવચનકાર : મુનિશ્રી જિનચન્દ્રજી ( બંધુત્રિપુટી )

# સંસ્કારોના ગુણાકાર

પ્રવચનકાર

**મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ**

**( બંધુત્રિપુટી )**

પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, તીથલ, વલસાડ, ગુજરાત

SANSKARO NA GUNAKAR

A discourse on Positive approach towards the life by

MUNISHREE JINCHANDRA VIJAYJI

© PRERNA PRAKASHAN TRUST

First Edition, 1987

Tenth Edition, 2021

Price : Rs. 50/-

Printers

Urmi Printers

Ahmedabad. Mo: 98988 64284

Publisher

PRERNA PRAKASHAN TRUST

Shantidham Aradhana Kendra

Tithal, Dist. Valsad, Gujarat.

Pin - 396006. INDIA

Phone : ( 02632 ) 255874

Mo : +91 93742 55874

e mail : shantidham02@gmail.com

# પ્રકાશકીય

જીવનમાં શાંતિ અને સમાજમાં ક્રાંતિનો સંદેશ વિશ્વભરમાં પ્રસારતાં પૂજ્ય બંધુત્રિપુટી મહારાજ જૈન ધર્મના મહાન પ્રભાવક અને આગવી જીવનદ્રષ્ટિના ઉપાસક છે.

વિશ્વના અનેક દેશોમાં ચાલતી તેમની ધર્મયાત્રાઓ દરમિયાન થતાં તેઓશ્રીના પ્રવચનોમાં ધર્મના મૌલિક સિદ્ધાંતોની વૈજ્ઞાનિક રજૂઆત અને જીવનસ્પર્શી અભિગમ સહુના હૃદયપટ ઉપર અમીટ છાપ ઉપસાવી જાય છે.

થોડાં વર્ષો પૂર્વે મુંબઈમાં હજારોની મેદની સમક્ષ પૂજ્ય મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજે **'સંસ્કારોના ગુણાકાર'** એ વિષય ઉપર જે હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું હતું તેના આધારે પ્રસ્તુત પુસ્તિકાનું પ્રકાશન ૧૯૮૭માં અમે પ્રથમવાર કર્યું હતું. અત્યાર સુધીમાં તેની નવ આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે, અને આજે અનેક સુધારા વધારા સાથે આ દશમી આવૃત્તિ સમાજને ચરણે ધરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

હીરા બજારના જાણીતા વ્યાપારી શ્રી મફતલાલ મોહનલાલ મહેતા **(મફતકાકા) ના મુંબઈના નિવાસ સ્થાને 'કમલા' બંગલામાં 'મા પરિવાર' તરફથી યોજાયેલ** આ પ્રવચનને અક્ષરદેહ આપવાનું શ્રેય : **'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાણ સમા શ્રી હરિભાઈ પંચાલ** (નિમિત્ત માત્ર) ના ફાળે જાય છે. તેમને અંતરના અભિનંદન.

આ દશમી આવૃત્તિનું પ્રકાશન અત્યંત ટૂંકા સમયમાં સુંદર રીતે કરી આપવા બદલ **ઉર્મિ પ્રિન્ટર્સ—અમદાવાદ** નો વિશેષ આભાર માનીએ છીએ.

વાચકો આ પુસ્તિકાને પણ પૂજ્યશ્રીના અન્ય સાહિત્યની જેમ જે ઉમળકાથી વધાવી લેશે એવી શ્રદ્ધા સાથે,

**ટ્રસ્ટી મંડળ, પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**

# પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ તથા શાંતિધામ આરાધના કેન્દ્ર : પરિચય

જ્ઞાન, પ્રેમ અને આનંદની મૂર્તિસમા પૂજ્ય જિનચંદ્રજી મહારાજ ના અંતર માંથી વહેતી જ્ઞાનગંગાને તથા તેમની હૃદયસ્પર્શી મધુરવાણીને પુસ્તકો દ્વારા અને ઓડિયો–વિડીયો કેસેટો તથા સી.ડી. અને ડી.વી.ડી દ્વારા ઘર–ઘરમાં પહોંચાડવાનું કાર્ય 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ' દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી થઈ રહયું છે.

અત્યાર સુધીમાં પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો કેસેટો, લગભગ ૧૦૦ જેટલી ડિવીડી તથા સેકડો ઓડિયો સી.ડી., વિડીયો સી.ડી. તેમજ એમ.પી.થ્રી. સી.ડી. આ ટ્રસ્ટ દ્વારા પ્રગટ થઈ ચૂકી છે અને હવે ટેક્નોલોજીના વિકાસ પ્રમાણે યુટયુબ આદિ ચેનલો તથા અમારી વેબસાઈડ ઉપર પણ પૂજ્યશ્રીના પ્રવચનો સમયે સમયે અપલોડ થતાં રહે છે અને સેકંડો ઓડિયો પ્રવચનોની પેનડ્રાઈવ ઉપર પણ અમે ઉપલબ્ધ કરી શકયા છીએ.

આજના યુગમાં ભારતીય સંસ્કૃતિના મંગલમય તત્વોને તથા માનવ માત્ર માટે ઉપયોગી એવી પ્રભુ મહાવીરની વાણીને અમે દેશ વિદેશમાં ગૂંજતી કરી શકયા છીએ તેનું અમને ગૌરવ છે. જ્ઞાન પ્રસારનું આ કાર્ય હજી વધુ સારી રીતે અને વ્યાપક રીતે કરવાની અમારી ઝંખના છે.

તીથલના દરિયા કિનારાની પાસે પ્રાકૃતિક વાતાવરણમાં આવેલ શાંતિધામ આરાધના કેન્દ્રમાં ટ્રસ્ટનું મુખ્ય કાર્યાલય આવેલ છે ત્યાં શ્રી મંગલકારી પાર્શ્વનાથ પ્રભુનું કલાત્મક અને ભવ્ય જૈન મંદિર, વિવિધલક્ષી વિશાળ એ.સી. હોલ તથા આધુનિક સગવડોથી સજ્જ સ્વચ્છ અને સુંદર (એ.સી. રૂમો વાળુ) અતિથિગૃહ, આવેલું છે તેમજ વિહાર કરીને પધારતા પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજો માટેનો સુંદર ઉપાશ્રયનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

**શાંતિધામ આરાધના કેન્દ્રના આ તમામ વિભાગોનું સંચાલન ' પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ ' વલસાડ દ્વારા કરવામાં આવે છે.**

આ આરાધના કેન્દ્રમાં અવસરે અવસરે યોજાતી સ્વાધ્યાય શિબિરો, મંત્ર સાધના શિબિરો, ભક્તિ શિબિરો, પર્યુષણ પર્વની આરાધનાઓ તેમજ વિવિધ પૂજનો અને અનેક ધાર્મિક પ્રવૃત્તિઓના આયોજન ઉપરાંત ફ્રી મેડીકલ કેમ્પ વિગેરે માનવસેવાની પ્રવૃત્તિઓ પૂજ્યશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રેરણાદાયી સાન્નિધ્યમાં થાય છે.

## પૂજયશ્રી જિનચંદ્રજી મહારાજ ( એક ટૂંક પરિચય )

જૈન જૈનતર સમાજમાં ' બંધુ ત્રિપુટી ' તરીકે જાણીતા ક્રાંતિકારી મુનિઓમાં સૌથી નાના લઘુબંધુ શ્રી જિનચંદ્રજી મહારાજ દેશ વિદેશમાં તેજસ્વી વકતા તરીકે ખૂબજ જાણીતા છે.

મુનિશ્રી જિનચંદ્રજી મહારાજે માત્ર આઠ વર્ષની નાની વયે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા જીવનના પ્રારંભના વીસ વર્ષ સુધી મહાન જૈન આચાર્યોના સાન્નિધ્યમાં રહીને તત્વજ્ઞાનના ગ્રહન શાસ્ત્રોનો અભ્યાસ, તપશ્ચર્યા અને ગુરૂ પરંપરાથી પ્રામ અનેક સાત્વિક મંત્ર સાધનાઓ દ્વારા તેમણે પોતાની આંતરિક શકિતઓનો વિકાસ કર્યો છે એને દિવ્ય અનુભૂતિઓ પ્રાપ્ત કરી છે.

પાંત્રીસ વર્ષ સુધી પોતાની સાધનાની સાથે સાથે ભારતના અનેક રાજયોમાં પદયાત્રાઓ કરીને તેમણે જૈન ધર્મના પ્રસારમાં વિતાવ્યા હતા અને છેલ્લા ત્રીશ વર્ષથી તેઓ દુનિયાના અનેક દેશોમાં વિચરણ કરતા રહ્યા છે.

મુનિશ્રી જિનચંદ્રજી માતા સરસ્વતીના મહાન ઉપાસક છે. તેમના હૃદયસ્પર્શી પ્રવચનો સાંભળવ માટે દેશ વિદેશમાં જિજ્ઞાસુઓની ભીડ જામતી હોય છે. મુનિશ્રીના પ્રવચનો સાંભળીને અનેક વ્યક્તિઓના હૃદય પરિવર્તન થતા રહ્યા છે, વિદેશોમાં પણ સેંકડો લોકોએ માંસાહાર અને મદ્યપાનનો ત્યાગ કર્યો છે, અનેક કુટુંબોમાં શાંતિ સ્થપાઈ છે અને જીવન પરિવર્તનો એક નવો જ ઈતિહાસ સર્જાયો છે.

દાખલા, દલિલો અને રસમય દ્રષ્ટાંતોથી સભર વિવિધ વિષયો પર થયેલાં મુનિશ્રીના પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો–વિડીયો સી.ડી., ડી.વી.ડી. અને એમ.પી.થ્રી સી.ડી. પ્રગટ થયેલ છે. તથા અનેક ધાર્મિક ટીવી ચેનલો ઉપર પણ તેમના પ્રવચનો રીલે થતા રહે છે.

છેલ્લા ત્રીશ વર્ષમાં મુનિશ્રીએ સત્તાવીશ વખત અમેરિકાની ધર્મયાત્રાઓ કરી છે, તથા લંડન, એન્ટવર્પ, સિંગાપોર, થાઈલેન્ડ, મલેશીયા, ઈન્ડોનેશીયા, દુબઈ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ તેમજ આફ્રિકાના કેન્યા, ટાન્ઝાનિયા વગેરે અનેક દેશોમાં પણ તેમણે પ્રભાવક ધર્મયાત્રાઓ કરી છે અને જૈન ધર્મનો ધ્વજ લહેરાવ્યો છે. વિશ્વના પાંચ ખંડોમાં અને વિવિધ દેશોના અનેક શહેરોમાં તેમની પ્રેરણાથી જૈન સેન્ટરોની સ્થાપના થઈ છે તથા અનેક જૈન મંદિરોની પ્રતિષ્ઠાઓ પણ તેમના શુભ હસ્તે થયેલ છે.

**પૂજ્યશ્રી જિનચંદ્રજી**ના બે વડીલ બંધુ સ્વ. પૂજ્ય **મુનિશ્રી મુનિચંદ્રજી મહારાજ** એક નિજાનંદી આત્મ સાધક અને ઉચ્ચકક્ષાના કવિ હતા તથા તેમના બીજા વડીલ બંધુ પૂજ્ય **મુનિશ્રી કીર્તિચંદ્રજી મહારાજ** યોગ–ધ્યાનના સભ્યાસી તરીકે જાણીતા છે. આ ત્રણેય જૈન મુનિઓ જૈન–જૈનેતર સમાજમાં ' **બંધુ ત્રિપુટી** ' તરીકે સુપ્રસિદ્ધ છે. આ ત્રણભાઈ, તેમના માતા, પિતા, બહેન અને કાકા મળીને એક જ ઘરમાંથી સાત જણાએ જૈનધર્મની દીક્ષા અંગીકાર કરેલ છે.

**તીથલના રમણીય દરિયા કિનારે નિર્મિત શાંતિધામ આરાધના કેન્દ્ર** તેમનું ભારત ખાતેનું મુખ્ય સેન્ટર છે, જ્યાં દેશ વિદેશના અનેક જીજ્ઞાસુ ભાઈ બહેનો પૂજ્યશ્રી નો સત્સંગ કરવા અને સાધના કરવા અહીં નિરંતર આવતા રહે છે.

પૂજ્ય મુનિશ્રી વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ અને માનવતાવાદી અભિગમ ધરાવતા જૈન સંત છે, તેમની પ્રેરણાથી શાંતિધામના આંગણે ધાર્મિક આયોજનો ઉપરાંત માનવતાવાદી પ્રવૃતિઓ પણ થતી રહે છે.

✽

# સંસ્કારોના ગુણાકાર

## (એક મનનીય પ્રવચન)

અનંત જ્ઞાની, પરમકૃપાળુ પરમાત્મા તીર્થંકર દેવોએ સકળ વિશ્વનું કલ્યાણ કરવા માટે ધર્મતીર્થની સ્થાપના કરી અને આપણને ધર્મનો માર્ગ બતાવ્યો.

પરંતુ આ 'ધર્મ એટલે શું ?' એ જ્યાં સુધી સાચી રીતે સમજવામાં ન આવે અને સમજીને એને પામવાનો સાચો પ્રયત્ન કરવામાં ન આવે ત્યાં સુધી ધર્મમાર્ગનું પ્રવર્તન કરવા પાછળ, પરમાત્માની જે કરૂણાપૂર્ણ ભાવના હતી કે 'વિશ્વનો એકે એક જીવાત્મા એના દુઃખના તમામ બંધનોથી મુક્ત થઈ જાય અને એની પરમસુખની ઝંખના પૂર્ણ થઈ જાય.' એ ભાવના આપણા વિષયમાં ફળીભૂત બની શકે તેમ નથી.

માત્ર પરંપરા મુજબ કે ગતાનુગતિક રીતે આપણને જે કાંઈ ધર્મ મળ્યો છે, ધર્મની જે કાંઈ થોડીઘણી ક્રિયાઓ કરી લઈએ છીએ તેથી જો આપણે એમ માની લઈએ કે 'ભગવાનનો ધર્મ મને મળી ગયો છે, હું ધર્મ પામી ગયો છું અને મારું કલ્યાણ હવે નિશ્ચિત છે.' તો એ આપણી બહુ મોટી ભ્રમણા હશે.

**ધર્મનો મર્મ :**

પરમાત્માએ ધર્મમાર્ગનું જે પ્રવર્તન કર્યું છે એમાં આપણા સહુનું હિત કરવાનું, સહુનું કલ્યાણ કરવાનું સામર્થ્ય રહેલું છે પરંતુ એ ધર્મને સાચી રીતે સમજવો પણ ખૂબ જરૂરી છે.

આજે સર્વત્ર ધર્મના નામે વાતો ઘણી થાય છે, ધર્મના નામે સંપ્રદાયો પણ ઘણા નીકળ્યા છે, ધર્મના નામે મત, પંત અને પરંપરાઓ વિગેરે પણ પુષ્કળ ચાલી રહ્યા છે, પરંતુ એ બધાની વચ્ચે જે ખરેખરો 'ધર્મ' છે એ ક્યાંક ભૂલાયો છે અને અટવાયો છે.

જૈન પરંપરામાં થઈ ગયેલા મહાન યોગી પુરુષ શ્રી ચિદાનંદજી મહારાજે એક ઠેકાણે બહુ સરસ વાત કરી છે કે :

***"ધરમ ધરમ કરતો જગ સહુ ફિરે, પણ ન લહે તસ મર્મ;***
***શુદ્ધ ધર્મ સમજ્યા વિના નવિ મીટે ભવભર્મ."***

: જગતમાં ધર્મની વાતો તો ઘણા કરે છે, જ્યાં જાઓ ત્યાં ધર્મની વાતો ચર્ચાતી હોય છે પરંતુ એ ધર્મની વાતો કરનારા પણ, ધર્મનો મર્મ શું છે એ ભાગ્યે જ સમજતા હોય છે. અને જ્યાં સુધી એ સમજવામાં ન આવે ત્યાં સુધી, શુદ્ધ ધર્મ સમજ્યા વિના ભવનું ભ્રમણ ટાળી શકાતું નથી.

ધર્મ તત્વની પ્રાપ્તિ કરવા માટે પહેલા તો એ તત્વની સાચી સમજણ બહુ જરૂરી છે કે 'ધર્મ એટલે શું ?' આપણે બધા ધર્મ તો કરીએ છીએ, પરંતુ ધર્મ કોને કહી શકાય એ વિચાર્યું છે ખરું ?

જૈન ધર્મની સાચી સમજણ કેટલાની પાસે હશે ? તમે કોઈ મૂર્તિપૂજક પરંપરામાં ઉછરેલ વ્યક્તિને જઈને પૂછશો તો એ એમ કહેશે કે 'રોજ સવારમાં ઉઠીને ભગવાનના દર્શન કરવા, પૂજા કરવી એજ સાચો ધર્મ છે અને એજ ધર્મનો મૂળ પાયો છે.' તમે જો કોઈ ચૂસ્ત સ્થાનકવાસી પરંપરામાં કેળવાયેલ વ્યક્તિને જઈને પૂછશો તો એ કહેશે કે 'આ પત્થરને પૂજવાથી તે વળી ધર્મ થતો હશે ? એમ કરવાથી તે કંઈ આત્માનું કલ્યાણ થતું હશે ? આ બધી વાત ખોટી છે. મોઢે મુહપત્તિ બાંધીને, સામાયિક લઈને બેસવું એજ સાચો ધર્મ છે.' કોઈક વળી ત્રીજી પરંપરાની વ્યક્તિ પાસે જઈને પૂછશો તો એ વળી આ બંને કરતાં કાંઈક જૂદી જ વાત કરશે.

## ધર્મ ક્રિયા અને ધર્મ

તમે જેની પાસે જશો એ દરેકની પાસે ધર્મની વ્યાખ્યા જૂદી જૂદી હશે. દરેકના ધર્મના સિદ્ધાંતો જૂદા હશે અને છતાં એ બધાં લોકો વાત વળી એમજ કરતા હશે કે 'અમે જે કહીએ છીએ તે ધર્મ જ સાચો છે, ને અમારો ધર્મ જ આત્માનું ખરું કલ્યાણ કરી શકે એમ છે.'

આવે વખતે કોઈપણ સામાન્ય કક્ષાનો જીવ, જેને ધર્મ વિશે બહુ ઊંડી સમજ નથી, જેણે ઊંડું ચિંતન કે શાસ્ત્રોનું અધ્યયન કર્યું નથી એવી કોઈપણ વ્યક્તિ મૂંઝાઈ જાય છે કે 'અમારે તો

અમારા આત્માનું કલ્યાણ કરવું છે, અને તે માટે અમારે ધર્મ પણ કરવો છે, પરંતુ અમે શું કરીએ તો ધર્મ કર્યો કહેવાય?'

'એક વ્યક્તિ જેને ધર્મ કહે છે એને જ બીજી વ્યક્તિ અધર્મ કહે છે. બીજી વ્યક્તિ જેને ધર્મ કહે છે તેને ત્રીજી વ્યક્તિ અધર્મનું ટાઈટલ આપી દે છે. તો આમાં સમજ પડતી નથી કે સાચો ધર્મ કોને કહી શકાય?' આ પ્રશ્નનો જવાબ આપણા જ્ઞાની પુરુષોએ ખૂબ સરળ શબ્દોમાં આપ્યો છે. એમણે કહ્યું કે: '**ધર્મક્રિયા** એ જૂદી વસ્તુ છે અને **ધર્મ** એ જૂદી વસ્તુ છે.' આપણે બહારથી જે કાંઈ દર્શન, પૂજન, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, વ્રત, તપ, ત્યાગ વિગેરે કરીએ છીએ એ તો ધર્મક્રિયાઓ છે, એ પોતે જ ધર્મ નથી. ધર્મ તો આ ક્રિયાઓ દ્વારા પામવાની ચીજ છે અને તે અનુભૂતિનો વિષય છે.'

ધર્મ ક્રિયાઓ તો સાધન છે, સાધ્ય નથી. સાધ્ય તો ધર્મ છે. પરંતુ જો સાધનનો આગ્રહ વધુ પડતો રાખવામાં આવે અને સાધ્ય જ ભૂલાઈ જાય તો, સાધન ભલે ગમે તેટલું સારું હોય તો પણ આપણા માટે તે નકામું બની જાય છે. માટે સાધ્ય એવા ધર્મને પામવા માટે જ મુખ્ય લક્ષ રાખવું જોઈએ અને તે માટે સૌથી પહેલા 'ધર્મ શું છે ?' એ બરાબર સમજવું જોઈએ.

## ગ્રંથોનું દોહન

જૈન પરંપરામાં આજથી લગભગ ત્રણસો વર્ષ પહેલાં એક મહાન જ્ઞાનીપુરુષ થઈ ગયા, જેમનું નામ હતું મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ. તેમની પાસે પણ આવી કંઈક સમસ્યાઓ લઈને કેટલાક જિજ્ઞાસુઓ ગયા હશે અને તેમણે પૂછયું હશે કે

'ધર્મ એટલે શું ? જેને પૂછીએ એ બધા ભગવાનની આજ્ઞાના નામે જ ધર્મની વાતો કરે છે, પણ ખરેખર ભગવાનની આજ્ઞા શું છે તે કોઈ બરાબર સમજાવતું નથી.'

'आणाए धम्मो' આજ્ઞા પાલનમાં જ ધર્મ છે એમ સહુ કહે છે પણ જિનેશ્વર પ્રભુની આજ્ઞા શું છે ? તે સ્પષ્ટ થતું નથી. દરેક સંપ્રદાયવાળાઓ પોતપોતાની સાંપ્રદાયિક માન્યતાઓ અને પરંપરાઓને જ જાણે કે જિનાજ્ઞાનું રૂપ આપતા હોય તેવું લાગે છે.

સ્થાનકવાસી પરંપરાની જિનાજ્ઞા જૂદી છે તો મૂર્તિપૂજક પરંપરાની જિનાજ્ઞા પણ જૂદી છે, શ્વેતાંબરોની જિનાજ્ઞા જૂદી છે તો દિગંબરોની જિનાજ્ઞા પણ જૂદી છે. વાત બધા જ ભગવાન મહાવીરના નામે કરે છે પરંતુ આ દરેકની વાતો એકબીજા કરતાં સાવ જૂદી છે. આમાં કોની વાત સાચી માનવી અને કોના મહાવીર સાચા માનવા ?'

આવી કોઈ મૂંઝવણ લઈને કોઈ જિજ્ઞાસુઓ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ પાસે ગયા હશે અને તેમને કહ્યું હશે કે 'ભગવાનની આજ્ઞાનો સાર શું ? જિનાજ્ઞા કોને કહેવાય ? એ ટૂંકમાં સમજાવો.' ત્યારે એ મહાપુરુષે ઘણાબધાં ધર્મગ્રંથોનું દોહન કરીને 'ઉપદેશ રહસ્ય' નામનો ગ્રંથ બનાવ્યો હશે તેવું લાગે છે.

'આ કળીકાળના જીવો પ્રભુ મહાવીરની વાણી જેમાં સંગ્રહાયેલી છે તે આગમના ગ્રંથો વાંચે, સાંભળે, સમજે કે તેની ઉપર ચિંતન કરે તેટલી શક્તિ તેમની દેખાતી નથી, એટલો સમય પણ તેમની પાસે જણાતો નથી, એવા પામર જીવો પણ

ભગવાનની આજ્ઞા સમજ્યા વિના વંચિત રહી જવા ન જોઈએ' એવી ભાવનાપૂર્વક આ મહાપુરુષે શાસ્ત્રોનું દોહન કરીને એના નિચોડરૂપે એક સાર તારવ્યો અને પોતાના નાનકડા - બસો શ્લોક પ્રમાણ 'ઉપદેશ રહસ્ય' નામના એ ગ્રંથની અંદર એમણે જિનાજ્ઞાનો સાર આપીને ધર્મનું રહસ્ય સમજાવ્યું.

આ ગ્રંથની રચના કરતાં કરતાં ગ્રંથ જ્યારે પૂરો થવા આવ્યો ત્યારે વળી એમના મનમાં એક નવો વિચાર આવ્યો કે 'ગણધર ભગવંતોના બનાવેલા આગમગ્રંથો, ધર્મગ્રંથો કે સૂત્રગ્રંથો પણ સાંભળવાની અને સમજવાની જેમની પાસે શક્તિ કે સમય નથી એવા કળીકાળના આ બાળજીવો મારા જેવા નાના સાધુનો બનાવેલો આ આખો ગ્રંથ પણ સાંભળશે અને સમજશે કે કેમ ? એટલો પણ સમય કે અનુકૂળતા કદાચ જેની પાસે ન હોય એવા જીવો પણ ભગવાનના મૂળ ઉપદેશથી વંચિત રહી જવા ન જોઈએ.'

એટલે જે રીતે એમણે આગમ વિગેરે ગ્રંથોનો સાર પોતાના 'ઉપદેશ રહસ્ય' નામના એક ગ્રંથમાં આપ્યો તે રીતે પોતાનો આ ગ્રંથ પૂરો કરતાં પહેલાં, પોતાના આખા ગ્રંથનો સાર તેના છેલ્લા એક જ શ્લોકમાં આપી દીધો.

> "किं बहुणा इह जह जह रागद्दोषा लहुं विलिज्जंति ।
> तह तह पयट्टिअव्वं एसा आणा जिणिंदाणं ॥"

**ધર્મ એટલે રાગ-દ્વેષની મંદતા :**

આ શ્લોકમાં ભગવાનની આંજ્ઞાનો નિચોડ આપતાં તેઓ કહે છે કે 'બહુ તો શું કહીએ ? ભગવાનની આજ્ઞા ઉપર તો

જેટલું બોલવું હોય તેટલું બોલી શકાય એમ છે અને જેટલું લખવું હોય તેટલું લખી શકાય એમ છે, એનો તો કોઈ પાર જ આવે એમ નથી. અગાધ છે પ્રભુની આજ્ઞા, અથાગ છે એનું ઊંડાણ અને અપાર છે એનાં રહસ્યો ! પરંતુ ટૂંકમાં તમારે જાણવું છે કે તીર્થંકરોની આજ્ઞા શું છે ? તો, સાંભળો : જેમ જેમ કરવાથી તમારા રાગ અને દ્વેષ ઓછા થતા જાય તેમ તેમ પ્રવૃત્તિ કરવી એટલી જ જિનેશ્વરોની આજ્ઞા છે.'

ભગવાને બીજુ કાંઈ કહ્યું નથી, 'તમે આમ જ કરો કે આમ ન જ કરો' એવું કોઈ એકાંતે વિધાન જિનેશ્વર ભગવાનના ધર્મશાસ્ત્રમાં છે નહીં. એકાંત એક જ વાતનો છે કે જે કાંઈ કરો તે કરતાં કરતાં તમારા અંતરમાં જડજગત પ્રત્યે રાગની જે ગ્રંથિ પડેલી છે અને જીવજગત પ્રત્યે દ્વેષની જે ગ્રંથિ પડેલી છે એ રાગ અને દ્વેષની ગ્રંથિ ક્રમશઃ શિથિલ બનતી જાય અને મંદ પડતી જાય એ રીતે તમારા જીવનનો વ્યવહાર તમે ગોઠવો. આ જાગૃતિ સાથે જ જીવનની પ્રવૃત્તિઓ કરો. બસ, આટલી જ ભગવાનની આજ્ઞા છે.

**અશાંતિ અને અશુદ્ધિના મૂળ :**

આપણી તમામ અશાંતિઓ, અશુદ્ધિઓ અને સઘળી સમસ્યાઓનું જો કોઈ મૂળ હોય તો આ બે વૃત્તિઓ જ છે. જડ પદાર્થો પ્રત્યેનો વધુને વધુ દ્રઢ થતો જતો રાગ અને જીવજગત પ્રત્યે વધુને વધુ પ્રમાણમાં ઘેરો થતો જતો દ્વેષ... આપણા અંતરમાં પડેલી આ બે વૃત્તિઓ આપણને ખૂબ જ નુકશાન પહોંચાડે છે.

ચૈતન્યથી વિલસતા એવા જીવજગત પ્રત્યે આપણા હૃદયમાં કેટકેટલી દુર્ભાવનાઓ સંઘરીને આપણે બેઠાં છીએ ! ક્યાંક ઈર્ષ્યા છે, ક્યાંક દુશ્મનાવટ છે, ક્યાંક ઘૃણા છે, ક્યાંક તિરસ્કાર છે, ક્યાંક ધિક્કાર છે તો ક્યાંક અદેખાઈ છે. આ બધી દુર્ભાવનાઓ આપણા ચિત્તને શાંતિ પામવા દેતી નથી અને આપણી ભીતરમાં આનંદને ટકવા દેતી નથી.

જીવો પ્રત્યેની આ દુર્ભાવનાઓ મંદ પડી જાય, દરેકની અંદર વિલસતું ચૈતન્ય દેખાતું થઈ જાય અને એ ચૈતન્યના નાતે જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ્યનો ભાવ આવી જાય એ ખૂબ જરૂરી છે અને આવું રૂડું પરિણામ જે કાંઈ કરવાથી આવે એનું જ નામ ધર્મ છે. આ પરિણામના લક્ષ્ય વિનાની ધર્મના નામે થતી પ્રવૃત્તિઓ કદાચ 'ધર્મક્રિયા' થઈ જશે પરંતુ 'ધર્મ' નહીં થાય.

**વકરો અને નફો :**

એક વ્યાપારીની ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે પરિણામના લક્ષ્ય વિનાની અને ભાવ વગરની માત્ર રૂટીન મુજબની ધર્મક્રિયાઓ કરવાથી વકરો થશે પણ નફો નહીં થાય.

તમે સવારથી સાંજ સુધી દુકાન ખોલીને બેસો, ઘરાકોને માલ વેચતા રહો અને સાંજ પડે તમારો ચોપડો એમ બતાવે કે આજે તમે ખૂબ મહેનત કરીને જે ધંધો કર્યો છે તેમાં પચ્ચીસ હજારનો વકરો થયો અને એક હજારનો નફો મળ્યો... ત્યારે તમને એમ થશે કે આજે બરાબર કમાણી થઈ નહી, ધંધો બરાબર જામ્યો નહીં. એટલે બીજા દિવસે તમે વધુ મહેનત કરો છો,

ધંધાની રીત બદલો છો, સેલ્સમેનશીપ નવી રીતે ગોઠવો છો, ફેરફારો કરીને વધુ ઘરાકો પકડી લાવો છો ને ધંધો વધુ કરો છો પણ આખા દિવસનો ધંધો કર્યા પછી બીજા દિવસનો ચોપડો એમ બોલે છે કે આજે તમે વકરો તો લાખ રૂપિયાનો કર્યો પણ એમાં આજે નફો માત્ર બસો રૂપિયાનો થયો ! તો આ બે દિવસમાં તમે ક્યો ધંધો સારો ગણશો? વધારે વકરો થયો એ દિવસનો ધંધો કે વધારે નફો થયો તે દિવસનો ધંધો?

વકરો ભલે ગમે તેટલો થાય પણ એ વકરો એટલા માટે કરવાનો છે કે એમાંથી નફો સારો થાય. નફો ન નીકળે તેવો વકરો નકામો છે. એ તો મહેનત માથે પડ્યા જેવું કહેવાય. વ્યવહાર જગતમાં આ ડહાપણ ધરાવનાર આપણે ધાર્મિક જગતમાં આવ્યા પછી આ સમજણને કેમ ભૂલી જતા હોઈશું?

અહીં તો માત્ર વકરાની જ ગણત્રી ચાલ્યા કરે છે કે 'મે આટલો તપ કર્યો, આટલું દાન દીધું, આટલી ક્રિયાઓ કરી, આટલાં સામાયિક કર્યાં, આટલું આમ કર્યું ને આટલું તેમ કર્યું...' આ બધી વકરાની જ ગણત્રી કરીએ છીએ પણ 'આ બધું કરીને હું શું પામ્યો? જીવનમાં સમતા કેટલી આવી? સ્વભાવમાં પરિવર્તન કેટલું આવ્યું? એવા નફાનો વિચાર તો આપણે કરતાં જ નથી અને એટલે જ આપણી મહેનત નફા વિનાના વકરા જેવી થઈ જાય છે.

**પ્રવૃત્તિમાં નહીં, વૃત્તિમાં પરિવર્તન :**

ધાર્મિક હોવાનો દેખાવ કરનારા કે સંતોષ અનુભવનારા આપણે આપણી પ્રવૃત્તિઓમાં પરિવર્તન તો ભલે લાવ્યા પરંતુ

આપણી વૃત્તિઓમાં કેટલું પરિવર્તન લાવી શક્યા તેનું સ્વનિરીક્ષણ આપણે કર્યું છે ખરું? પ્રવૃત્તિનું પરિવર્તન એ વકરો છે અને વૃત્તિઓનું પરિવર્તન એ નફો છે.

ધર્મ આરાધનાઓ આપણી આંતરિક વૃત્તિઓમાં પરિવર્તન લાવવા માટે છે. પ્રવૃત્તિઓમાં પરિવર્તન લાવીને ધર્મની આરાધનાઓ તો કરતાં જ રહ્યાં, પરંતુ વૃત્તિઓમાં જો કોઈ જ પરિવર્તન ન આવ્યું તો ઘડીભર થોભીને વિચારવું જોઈએ કે આમ કેમ થાય છે?

તમારો ધંધો ચાલ્યા જ કરતો હોય, વકરો પણ સારામાં સારો થતો હોય, પરંતુ જો નફો થતો ન હોય તો તમારે વિચાર કરવો જ પડે કે ધંધામાં ક્યાંક ખામી છે. નફો કેમ નથી થતો?

એ જ રીતે, વર્ષોથી ધર્મની આરાધના કરનારા ધાર્મિકોએ પણ આંતર નિરીક્ષણ કરીને વિચારવું જોઈએ કે આજથી પાંચ વર્ષ પહેલાં હું ક્યાં હતો? અને ત્યારબાદ આટઆટલી ધર્મઆરાધનાઓને જીવનમાં સ્થાન આપ્યા પછી, આટઆટલી ધર્મક્રિયાઓ કર્યા પછી, આજે હવે ક્યાં છું ? મારા વિચારોમાં કે મારા વ્યવહારમાં કોઈ પરિવર્તન આવ્યું છે ? કે પછી 'વોહી રફતાર બેઢંગી' ચાલ્યા જ કરે છે ? જો એમ જ હોય તો આટલો બધો ધર્મ કરીને મેં શું મેળવ્યું? જો ધર્મ પરિણતિના રૂપમાં વૃત્તિઓનું પરિવર્તન પામી શકાયું ન હોય તો આટલા બધા વર્ષોની ધર્મક્રિયાઓએ મને શું આપ્યું?

કેવળ ધર્મક્રિયાઓ કરીને આત્મસંતોષ માનતા સમાજનો મેં બહુ વિચાર કર્યો છે. જેમની પાસે વૃત્તિપરિવર્તનનું કોઈ સ્પષ્ટ

લક્ષ્ય નથી, શુદ્ધ ધર્મની સાચી સમજણ નથી, પોતાની રાગ-દ્વેષની વૃત્તિઓને મંદ કરવાની કોઈ ઝંખના જેમણે સેવી નથી એવી વ્યક્તિઓ માત્ર ઘરેડમાં, ગતાનુગતિક રીતે કે ધર્મી હોવાનો દેખાવ કરવા માટે જયારે ધર્મક્ષેત્રમાં આવી જતી હોય છે અને ધર્મક્રિયાઓ કરવા માંડે છે ત્યારે એવી વ્યક્તિઓની વર્ષોની ધર્મક્રિયાઓએ તેમને શું આપ્યું? તેનું નિરીક્ષણ કરતાં મને બે પરિણામો દેખાયાં છે.

**કહેવાતું ધર્મ પાલન :**

આવા કહેવાતા ધર્મીઓના જીવનમાં પોતાનો અહંકાર અને બીજા જીવો પ્રત્યેનો તિરસ્કાર વિશેષરૂપમાં જોવા મળે છે. 'હું ધર્મી છું, મેં આ કર્યું છે, હું આ કરું છું.' આમ કહી કહીને એ પોતાના 'હું' પણાને વધુને વધુ મજબૂત કરે છે. અને એ રીતે જેમનો અહંકાર પુષ્ટ થાય છે, એમના હૃદયમાં બીજા જીવો પ્રત્યેનો અણગમો કે તિરસ્કાર પણ આવ્યા વિના રહેતો નથી.

અહંકારી માણસ સામાન્યથી બીજાનો તિરસ્કાર કરતો થઈ જ જાય છે. મને જો અહંકાર આવી ગયો કે 'હું ધર્મી છું, હું આમ કરું છું હું તે કરું છું' વિગેરે... તો પછી ધર્મના નામે હું જે કાંઈ કરું છું એટલું જો તમે નથી કરતાં તો તમારી ટીકા કરવાનો, તમારી નિંદા કરવાનો, તમારો તિરસ્કાર કરવાનો જાણે કે મને અધિકાર મળી જાય છે. દાખલા તરીકે, હું જૈન છું અને રાત્રિભોજન નથી કરતો કે કંદમૂળ નથી ખાતો, તો રાત્રિભોજન કરનાર કે કંદમૂળ ખાનારનો તિરસ્કાર કરવાનો જાણે કે મને અધિકાર મળી ગયો !

આપણે જો આવું કરતા હોઈએ તો વર્ષોની ધર્મક્રિયાઓ કરીને આપણે શું મેળવ્યું? આપણે બીજાની વધુને વધુ નિંદા કરતાં થયા, ટીકાઓ કરતાં થયાં, દુર્ભાવનાઓ સેવતા થયા. આપણા હૃદયમાં મૈત્રીભાવ જાગ્રત ન થયો, જીવો પ્રત્યે સાચી કરૂણા ન આવી, અંતરમાં માધ્યસ્થ્યભાવ સ્થિર ન થયો.

ધર્મના પાલન દ્વારા આપણો અહંકાર ઓગાળી નાંખવાનો હતો તેને બદલે એ અહંકાર વધુ પુષ્ટ થયો તો, વર્ષોની ધર્મક્રિયાઓએ આપણને શું આપ્યું? તે વિચારવા જેવું છે.

**ધર્મની આરાધનામાં જાગૃતિ :**

મારું કહેવું એમ નથી કે ધર્મક્રિયાઓ નકામી છે. ભગવાન જિનેશ્વરદેવના ધર્મશાસનની પ્રત્યેક ધર્મક્રિયાઓ અદભૂત ફળ આપનારી છે. પણ એ ધર્મક્રિયાઓ કરનારો ધર્માત્મા જાગૃત હોવો જોઈએ, પૂરો સાવધાન હોવો જોઈએ અને તેનું લક્ષ્ય બહુ સ્પષ્ટ હોવું જોઈએ. આ જાગૃતિ હશે તો જ ધર્મક્રિયાઓ દ્વારા યોગ્ય પરિણામ પામી શકાશે, નહીં તો વકરો જ ચાલ્યા કરશે, માત્ર વકરો, બીજું કાંઈ નહી !

'ધર્મક્રિયા' જૂદી વસ્તુ છે અને 'ધર્મ' એ જૂદી વસ્તુ છે. એ ભેદ સારી રીતે સમજી લેવો જોઈએ. જે જે પ્રવૃત્તિ જે જે રીતે કરવાથી રાગ-દ્વેષ મંદ પડતા જાય તે તે પ્રવૃત્તિ તે તે રીતે કરવી તેનું નામ ધર્મ છે. ટૂંકમાં, રાગ-દ્વેષની મંદતા એ ધર્મ છે અને એવું શુભ પરિણામ લાવી આપનારી શુભક્રિયાઓ સાચી ધર્મક્રિયાઓ છે.

બધું કરીને આપણે આપણી વૃત્તિઓમાં પરિવર્તન લાવવાનું છે. અનાદિકાળથી આત્મામાં રહેલા અશુભ સંસ્કારોનું પરિવર્તન કરવાનું છે. કારણ કે આ માનવજીવન મળ્યા પછી જો આપણે સંસ્કારોનું પરિવર્તન કરી નહીં શકીએ તો બહું મોટું નુકશાન થયું ગણાશે.

**માનવજીવનનું મુખ્ય કર્તવ્ય :**

આપણા જ્ઞાનીપુરુષોએ માનવજીવનના મુખ્ય કર્તવ્ય તરીકે ધર્મની આરાધનાને મહત્ત્વ આપ્યું છે કારણ કે તે દ્વારા આપણે આપણા અનેક જન્મના સંસ્કારોને બદલી શકીએ છીએ. આ માનવજીવનમાં તમે જે સંસ્કાર નાંખશો અને જે સંસ્કાર લઈને અહીંથી વિદાય થશો એ સંસ્કારો જન્મજન્માંતરમાં તમારી સાથે આવવાના છે, એટલું જ નહીં પણ એ સંસ્કારોના ગુણાકાર થવાના છે.

માનવજીવન મહત્ત્વનું એટલા માટે છે કે તેમાં આપણને વિચારશીલ અને વિકસિત મન મળ્યું છે. આ મન દ્વારા આપણે આપણા આત્મામાં સારો કે નરસો જે સંસ્કાર નાંખીએ છીએ તે એટલો મજબૂત બની જાય છે, એના મૂળીયાં એવાં જામી જાય છે કે, ભવ પલટો થઈ જાય પણ ભાવ પલટો થતો નથી. એ સંસ્કાર જન્મજન્માંતરમાં ગુણાકાર પામીને, અનેકગણાં થઈને સાથે આવે છે.

માનવજીવન તો સંસ્કારોના વાવેતર માટેની એક રસાળ અને ફળદ્રુપ ધરતી છે. આ ધરતીમાં જે સંસ્કારના બીજ વાવશો તે જન્માંતરમાં અનેકગણાં થઈને ઉગવાના છે. ધરતીમાં જો ઘઉં વાવીએ તો ઘઉં ઉગે, બાજરી વાવીએ તો બાજરી ઉગે, આંબો

વાવીએ તો આંબો ઉગે અને બાવળ વાવીએ તો બાવળ ઉગે. આ માનવજીવનની ધરતીમાં પણ આપણે જો શુભસંસ્કાર વાવ્યા હશે તો એ પણ ગુણાકારના રૂપમાં ઉગશે અને જો કોઈ ખોટાં, અશુભ સંસ્કાર વવાઈ જશે તો તે પણ જન્માંતરમાં ગુણાકાર થઈને ઉગશે. પસંદગી આપણે કરવાની છે.

**શુભનું વાવેતર અને અશુભનું ઉન્મૂલન :**

સંસ્કારોના ગુણાકારનું આ તત્ત્વજ્ઞાન વિચારીને જ જ્ઞાનીપુરુષોએ માનવજીવનમાં ધર્મ કરવાની પ્રેરણા આપી છે. ધર્મ કરવાનો એટલે બીજું કાંઈ કરવાનું નથી, પણ સંસ્કારોનું પરિવર્તન કરી નાંખવાનું છે. અશુભ સંસ્કારોનું ઉન્મૂલન કરવાનું છે, ઉખેડી નાંખવાના છે અને શુભ સંસ્કારોને સ્થિર કરી દેવાના છે.

આ જીવનમાં વિકસિત મન વડે જે સંસ્કાર આત્મામાં નાંખ્યા હશે તે જાગૃત મનમાં કે અજાગૃત મનમાં એવા તો જામી જવાના છે કે જીવનના અંત કાળે તમે કદાચ પૂરા જાગૃત હશો કે નહી હો તો પણ સબકોન્શિયસ માઈન્ડમાં કે અનકોન્શિયસ માઈન્ડમાં વવાયેલાં સંસ્કારનાં એ બીજ અંકુરિત થઈ જવાનાં છે અને જન્માંતરમાં પણ તમારી સાથે આવવાનાં છે. માટે જ અશુભ સંસ્કારોનું ઉન્મૂલન કરી નાંખવું અને શુભ સંસ્કારોનું સ્થિરીકરણ કરી લેવું એ જ સાચું ધર્મકાર્ય છે.

ધર્મને જટીલ બનાવશો નહિ.
ધર્મને બહુ સમસ્યામય પણ બનાવશો નહિ.
જો સમજાઈ જાય તો ધર્મ બહુ સહેલી ચીજ છે.

મૂલ્યવાન આ જીવનમાં સંસ્કારોની ફેરબદલી કરતાં ચાલો.

અશુભ સંસ્કારોને ઉખેડતાં રહો અને શુભ સંસ્કારોનાં બીજ વાવતાં રહો. યાદ રાખો, આ જીવનમાં ભૂલેચૂકે કોઈ ખોટાં સંસ્કાર પડી ગયા તો જન્મોજનમ સુધી એની પરંપરા ચાલ્યા કરવાની છે અને તેના ગુણાકાર થતાં રહેવાનાં છે. આ વાતનું સમર્થન ભગવાન મહાવીરને બટકું ભરનાર ચંડકૌશિક સર્પના જીવનમાં આપણને જોવા મળે છે.

ભગવાન મહાવીરને મારી નાંખવા માટે દંશ દેવાનો વિચાર એને કેમ આવ્યો હશે ? એના મનમાં પ્રભુને પણ પછાડવાનો ભાવ કેમ જાગ્યો હશે ? એને સાપ કેમ થવું પડ્યું ? આટલો આવેશ અને આટલાં ક્રોધના સંસ્કાર એનાં જીવનમાં ક્યાંથી આવ્યાં હશે ? આ વાત સમજવા માટે સંસ્કારોના ગુણાકારનું આ તત્ત્વજ્ઞાન વિચારવું પડશે.

**ચંડકૌશિક સર્પના પૂર્વભવો :**

ચંડકૌશિક સર્પનો આત્મા પૂર્વના ત્રીજા ભવમાં એક જૈન મુનિ હતા. તેમણે દીક્ષા લીધેલી અને સાધુ જીવન જીવતા હતા. ગુરુમહારાજની નિશ્રામાં નાના મોટા અનેક મુનિરાજો સાથે વિહાર કરતાં કરતાં તેઓ એક ગામમાં આવ્યાં.

જેઠ-અષાઢ મહિનાના દિવસો હતા, પહેલો વરસાદ થઈ ગયો હતો અને એ પહેલા વરસાદને કારણે રસ્તામાં ઠેકઠેકાણે નાના નાના દેડકાં વિગેરે જીવોની ઉત્પત્તિ પણ થઈ ગઈ હતી. આ ચંડકૌશિકનો જીવ કે જે મુનિદેહમાં હતો, તેઓ મળ વિસર્જન માટે જંગલ જવા તૈયાર થયાં. આ વખતે એ મુનિસમુદાયમાં એક બાલમુનિ પણ હતા, તેમને પણ જંગલ જવું હશે એટલે

તેમણે કહ્યું કે 'મહારાજ ઉભા રહો, હું પણ તમારી સાથે આવું છું.' બંને મુનિઓ ગામની બહાર જાય છે, કાર્ય પતાવીને પાછા ફરે છે, ને રસ્તા ઉપરથી ગામ તરફ ચાલ્યા આવે છે.

**મુનિના પગ નીચે દેડકી ચગદાઈ :**

એ વખતે બન્યુ એવું કે મુનિ રસ્તા ઉપરથી ચાલ્યા જાય છે ત્યારે તેમના પગ નીચે કુદકા મારતી એક દેડકી આવી ગઈ, મુનિને આ વાતનો ખ્યાલ નહોતો પરંતુ સાથે રહેલા પેલા બાલમુનિની નજર આ મુનિના પગ નીચે આવી ગયેલી દેડકી ઉપર પડી, બાલમુનિ ચમક્યા અને તેમણે કહ્યું, 'મહારાજ, મહારાજ, તમારો પગ ઉપાડો, જૂઓ, તમારા પગ નીચે દેડકી છે.'

પેલા મુનિએ પગ ઉપાડ્યો અને જોયું તો, પગ નીચે દેડકી ચગદાઈ ગઈ હતી. મુનિને અરેરાટી થઈ કે મારી સહેજ ગફલતને કારણે બિચારી આ દેડકી મરી ગઈ, એક નિર્દોષ જીવની મારાથી હત્યા થઈ ગઈ ! પણ હવે શું થાય ? દેડકી મરી ગઈ એ તો હકીકત છે, હવે બીજું કંઈ થઈ શકે એમ નથી એટલે તેઓ તરત જ આગળ ચાલ્યા.

પેલા બાલમુનિએ દેડકીને કૂદકા મારતી પણ જોઈ છે અને તેને મુનિના પગ નીચે કચડાઈ જતી પણ જોઈ છે. એમનું હૃદય એટલું દ્રવી ઉઠ્યું છે કે એ દેડકીનું દશ્ય એમની નજર સામેથી ભૂલાતું નથી. ચાર ડગલાં આગળ ચાલ્યાં, અને બાળમુનિ પેલા મુનિને કહે છે કે, 'મહારાજ, તમે જો થોડું ધ્યાન રાખીને ચાલ્યા હોત તો આ બિચારી દેડકી મરી ન જાત.'

પેલા મુનિએ પોતાની ભૂલની કબૂલાત કરતાં કહ્યું, 'હા, તારી વાત સાચી છે, મને પણ બહુ દુ:ખ થાય છે, આ બહુ ખોટું થયું, મારાથી ગફલત થઈ ગઈ !' આમ પેલા મુનિએ બહુ જ પ્રમાણિકતાથી પોતાની ભૂલ કબૂલી લીધી, પશ્ચાત્તાપ કરી લીધો ને આગળ ચાલ્યા.

આ બાળમુનિની નજર સામે તો હજી પેલી દેડકી જ રમ્યા કરે છે, એમનાથી રહેવાતું નથી એટલે એ ચાર ડગલાં આગળ ચાલ્યા ને વળી કહે, 'મહારાજ, દેડકી મરી ગઈ એનું પાપ તો તમને લાગ્યું ને ?' પેલા મુનિએ જવાબ આપ્યો, 'હા ભાઈ, મને પાપ તો લાગ્યું જ, મને પણ બહુ દુ:ખ થાય છે, પણ હવે શું થાય ?'-ફરીથી પેલા મુનિએ પોતાની ભૂલ કબૂલી લીધી.

વળી ચાર ડગલાં ચાલ્યા ને બાળમુનિએ દેડકીને ફરીથી યાદ કરી, મહારાજે ફરીથી ભૂલ કબૂલી લીધી. આમ એકવાર, બેવાર, ત્રણવાર, ચારવાર... બાળમુનિ વારંવાર દેડકી યાદ કરતાં રહ્યાં અને મહારાજ પોતાની ભૂલ કબૂલ કરતાં રહ્યાં.

**બાલમુનિનો બાલ-સ્વભાવ :**

પણ પેલા બાલમુનિથી તો રહેવાતું જ નથી, થોડીકવાર થઈ એટલે વળી પાછું કહ્યું કે, 'મહારાજ, તમે દેડકી મારી નાખી તો હવે તમારે આલોચના લેવી પડશે ને ?'

પેલા મહારાજને થયું કે મેં આને કહ્યું તો ખરું કે 'મારી ભૂલ થઈ ગઈ, મને બહુ દુ:ખ થાય છે' છતાં આ છોકરો હજી દેડકી... દેડકી... ભૂલતો જ નથી. જાણે કે મેં એને જાણી જોઈને મારી નાંખી ન હોય, એમ મારી પાછળ પડી ગયો છે. હવે આ

મહારાજને ગુસ્સો આવ્યો એટલે જરા ચિડાઈને તેમણે જવાબ આપ્યો.

પેલા બાલમુનિ અત્યાર સુધી કરૂણાથી પ્રેરાઈને દેડકીની વાત કરતાં હતાં, પણ હવે મહારાજને ચિડાતાં જોઈને બાલસહજ સ્વભાવ જાગી ઉઠ્યો ને હવે પેલા મહારાજનું ટીખળ કરવાનું તેમને મન થયું.

બાલમુનિ ભલે મુનિ હતા પણ વય તો વયનું કામ કરે જ ને ! બાલમુનિએ જોયું કે આપણે દેડકીની વાત કરીએ એટલે આ મહારાજ ખિજાય છે, તો ચાલો હવે એમને ખિજવવાની મજા આવશે. એટલે અત્યાર સુધી લાગણીથી પ્રેરાઈને દેડકીની જે વાત કરતાં હતાં તે હવે ટીખળના રૂપમાં કરવાની શરૂ કરી.

થોડા ડગલાં આગળ ચાલ્યા એટલે ફરી બાલમુનિ બોલ્યા, 'મહારાજ, તમે દેડકી તો મારી નાંખી ને ? તમને પાપ તો લાગ્યું ને ? જો જો હોં, ગુરુમહારાજ પાસે આલોચના લેવાનું ભૂલતાં નહીં.'

આ સાંભળીને પેલા મહારાજે વધુ ગુસ્સો કર્યો. જેમ જેમ પેલા મહારાજનો ગુસ્સો વધતો ગયો તેમ તેમ પેલા બાલમુનિને વધુ મજા આવતી ગઈ, અને તેઓ મુનિની વધુને વધુ ટીખળ કરતા રહ્યાં. આમ છેક મુકામે પહોંચ્યા. ઉપાશ્રયે પહોંચ્યા પછી પેલા મહારાજ એમની જગ્યાએ જઈને બેઠા અને બાલમુનિ પોતાની જગ્યાએ બેસી ગયા.

બાલમુનિ હાથમાં ચોપડી લઈને ભણવા બેઠાં પણ આજે તેમનો જીવ ભણવામાં નથી. એતો પેલા મહારાજનું સુપરવિઝન

કરી રહ્યાં છે. હાથમાં ચોપડી છે અને નજર પેલા મહારાજ પર છે કે તેઓ ગુરુમહારાજ પાસે જાય છે કે નહિ ? દેડકી મારી નાંખી છે તેની આલોચના લે છે કે નહિ ?

**આવેશમાં કર્તવ્ય ભૂલાયું :**

પેલા મહારાજ પણ બાલમુનિ પ્રત્યે ગુસ્સામાં છે અને માણસ જ્યારે આવેશ કે ગુસ્સામાં હોય છે ત્યારે પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે એટલે તેઓ પોતાની ભૂલ માટે ગુરુમહારાજ પાસે જઈને આલોચના લેવાનું કર્તવ્ય ભૂલી ગયા. આમને આમ બે કલાક વીતી ગયા.

બાલમુનિએ જોયું કે આ મહારાજે હજી ગુરુમહારાજ પાસે જઈને આલોચના લીધી નથી, એટલે વળી પાણી પીવાને બહાને ઊભા થયા, પેલા મહારાજની પાસે ગયા અને પૂછયું, 'મહારાજ, તમે પેલી દેડકીની આલોચના લીધી ?' આ મહારાજને થયું, ઉપાશ્રયમાં આવ્યાને બે કલાક થઈ ગયા તોય આ છોકરો હજી દેડકી છોડતો નથી, ગજબનો છે આ તો !

એમ કરતાં કરતાં સાંજ પડી ગઈ. પ્રતિક્રમણનો સમય થયો. પ્રાચીનકાળમાં એવી પરંપરા હતી કે સાંજે પ્રતિક્રમણ કરતાં પહેલાં, દિવસભરમાં જે કાંઈ દોષ લાગ્યાં હોય, જે કાંઈ પાપ થઈ ગયાં હોય તેનું પ્રાયશ્ચિત ગુરુમહારાજ પાસે કરી લેવું જોઈએ. એ કર્યા પછી જ પ્રતિક્રમણ કરી શકાય.

બાલમુનિને આ રિવાજની ખબર હતી. એટલે એમણે ધ્યાન રાખ્યું કે 'પ્રતિક્રમણનો સમય થયો તો પણ પેલાં મહારાજે હજી

ગુરુ પાસે જઈને દેડકીની આલોચના લીધી નથી' એટલે બાલમુનિ સાંજે બધા સાધુઓને વંદન કરવા નીકળ્યાં તે દરમ્યાન પેલા મહારાજ પાસે પણ વંદન કરવા આવ્યાં ત્યારે વંદન કરતાં કરતાં એમણે કહ્યું, 'મહારાજ, હવે તો પ્રતિક્રમણનો સમય થયો... પેલી દેડકી... ? તમે આલોચના લીધી ?'

પેલા મહારાજને થયું કે આખો દિવસ ગયો, પ્રતિક્રમણનો સમય થયો તો ય આ છોકરો હજી મારી છાલ છોડતો નથી, એતો આજે મારી પાછળ જ પડી ગયો છે ને 'દેડકી... દેડકી...' કર્યા જ કરે છે, આ છોકરાની જીભ લાંબી થઈ ગઈ છે, એની ઉપર કંટ્રોલ કરવો પડશે, પણ વાંધો નહિ, હવે હું એને જોઈ લઈશ. પ્રતિક્રમણ પતી જાય એટલે સીધો એની જગ્યાએ જાઉં, કાનપટ્ટી પકડીને બે તમાચા એવા ખેંચી કાઢું કે સીધો થઈ જાય અને કાલથી બોલતો બંધ થઈ જાય.'

આ બાજુ પ્રતિક્રમણ ચાલ્યું ને બીજી બાજુ પેલા મહારાજના મનમાં ગુસ્સાનું આ ચક્કર ચાલ્યું, 'ક્યારે આ પ્રતિક્રમણ પૂરું થાય ને પેલાં બાલમુનિની જગ્યાએ જઈને બે તમાચા ચોડી કાઢું, કાંઈ પૂછવું નથી, કાંઈ બોલવું નથી, બસ તમાચો મારીને એને સજ્જડ કરી દેવો છે.' આખા ય પ્રતિક્રમણ દરમ્યાન આ વાત જ મુનિના મનમાં ઘૂમરાતી રહી.

**પ્રવૃત્તિનો વકરો, વૃત્તિનો નફો :**

જૂઓ, ક્રિયા કઈ ચાલી રહી છે, અને હૃદયમાં ભાવો કેવા ચાલી રહ્યાં છે? એક બાજુ પ્રતિક્રમણ ચાલી રહ્યું છે અને બીજી બાજુ બાલમુનિને તમાચો મારીને સજ્જડ કરી દેવાના વિચારો

ચાલી રહ્યાં છે. ધર્મપ્રવૃત્તિનો વકરો તો થઈ રહ્યો છે પણ ચિત્તમાં પરિણતિનો નફો ક્યાં છે?

પ્રતિક્રમણ પૂર્ણ થયું, દરેક સાધુ પોતપોતાની જગ્યા ઉપર પહોંચીને બેસી ગયા. પેલા મહારાજ બાલમુનિને તમાચો મારવાના વિચારથી પોતાની જગ્યાએથી ઊભા થયા. પ્રાચીનકાળની આ વાત છે, એ વખતે ઉપાશ્રયમાં દીવાબત્તી હતા નહિ, એટલે ઉપાશ્રયમાં ઘોર અંધારું છવાયેલું હતું, ઉપાશ્રયનું મકાન પણ ઘણું જૂનું હતું એટલે તે વખતની પદ્ધતિ પ્રમાણે ઉપાશ્રયના હોલમાં વચ્ચે થાંભલા પણ ઘણાં હતાં.

આમે ય રાત્રે અંધારામાં દેખાય નહિ, ને એમાં ય વળી માણસ જ્યારે ક્રોધના આવેશમાં હોય ત્યારે તેની બોલવાની અને ચાલવાની ગતિ પણ એકદમ વધી જાય, બોલે ત્યારે ફટાફટ બોલી નાંખે અને ચાલે ત્યારે ધબ ધબ કરતો ચાલ્યો જાય.

ચંડકૌશિકનો જીવ આ મુનિ પણ અત્યારે ભયંકર ગુસ્સામાં હતા, અંધારામાં દેખાતું તો ન હોતું જ ને વળી મગજમાં ગુસ્સાને કારણે ચાલવાની ઝડપ પણ ભારે હતી. વચ્ચે એક પત્થરનો થાંભલો આવ્યો ને આ મુનિ જોરથી અથડાયાં, લમણામાં ચોટ વાગી, મુનિ ત્યાંજ પછડાયાં, માથાની ધોરી નસ તૂટી ગઈ, લોહી ઝડપથી વહી નીકળ્યું અને થોડીકવારમાં તો એમનું પ્રાણપંખેરું ઊડી ગયું.

**ગુસ્સાના સંસ્કારના ગુણાકાર :**

ભલેને એમનું જીવન સાધુનું હતું પણ એથી શું થઈ ગયું? એ મર્યા ત્યારે ભયંકર આવેશ સાથે ગુસ્સાના સંસ્કાર લઈને મર્યા.

માનવ જીવનમાં તો જે સંસ્કાર લઈને મરીએ તે સંસ્કાર જન્માંતરમાં સાથે આવે છે, એની પરંપરા ચાલે છે અને તેના ગુણાકાર થાય છે.

આ મુનિએ વર્ષો સુધી સંયમ જીવનની સાધના કરેલી હતી, તપ અને ત્યાગ પણ કરેલાં હતાં એટલે બીજા ભવમાં પણ તેમને માનવદેહ મળ્યો. એક તાપસના ઘરે પુત્ર તરીકે જન્મ થયો અને એનું નામ પાડવામાં આવ્યું કૌશિક.

મુનિસ્વભાવના ઉગ્રતાના સંસ્કાર બીજા ભવમાં પણ જાગ્રત થયા. કૌશિક નાનો હતો ત્યારથી જ એકદમ ઉગ્ર સ્વભાવનો હતો, વાતવાતમાં કજિયા કરે, વાતવાતમાં રડે અને વાતવાતમાં લડી પડે. જેમ જેમ એ મોટો થતો ગયો તેમ તેમ તેના તોફાનો પણ વધતાં ગયાં. તેની સ્વભાવની આ ઉગ્રતાને જોઈને સૌએ કૌશિકનું નામ 'ચંડકૌશિક' પાડી દીધું. ચંડ એટલે કે ઉગ્ર સ્વભાવનો કૌશિક.

ચંડકૌશિકનું નામ સાપના ભવનું નથી પરંતુ તે અગાઉના માનવ જીવનનું નામ છે. સાપના નામ પાડવા જંગલમાં કોઈ જતું નથી પરંતુ અગાઉના ભવનું જે નામ હતું તે નામથી તે સાપના ભવમાં પણ ઓળખાયો હતો.

તાપસના ભવમાં જ્યાં સુધી એના પિતા આશ્રમના માલિક હતા ત્યાં સુધી તો ઠીક પરંતુ એમનું મૃત્યુ થયા પછી તો આ ચંડકૌશિક જ એમનો વારસદાર થયો અને આશ્રમનો એ માલિક બન્યો. મોટી વાડી હતી, વાડીમાં આશ્રમ હતો, ને ઉગ્ર સ્વભાવનો આ કૌશિક એની સંભાળ રાખતો હતો.

'મારી વાડીમાં કોઈ ઘૂસી જાય, વાડીને કોઈ નુકશાન કરી જાય, એના મીઠાં ફળ કોઈ તોડી જાય તો એની ખબર લઈ નાંખું !' એવા વિચારોના ધમધમાટ સાથે એ સમય પસાર કરી રહ્યો છે. એકવાર એવું બન્યું કે ચાર-છ છોકરાંઓની એક ટોળકી આ વાડીમાં પેંધી ગઈ. પાછલી બાજુના છીંડામાંથી એ રોજ વાડીમાં ઘૂસી આવે ને મીઠાં ફળો તોડી જાય. કૌશિક તાપસ વાડીમાં આંટો મારવા જાય ત્યારે એ જૂએ કે કોઈક અહીંથી વાડીના ફળ તોડી જાય છે. આ ચોરી પકડવા એણે એક દિવસ વાડીમાં જાતેજ બેસવાનું ને તપાસ કરવાનું નક્કી કર્યું. તે પોતાની કુટિરની પાછળ સંતાઈને બેસી ગયો.

બપોરનો સમય હતો, ચારેક વાગ્યા હશે, એક છીંડામાંથી કેટલાંક છોકરાં ઘૂસ્યા અને ફળ તોડવા લાગ્યાં. કૌશિકે જોઈ લીધું કે 'આ છોકરાંઓ, આ જગ્યાએથી, આ સમયે આવે છે. ચોર ઓળખાઈ ગયા છે, કાલે એ બધાની વાત છે.' બીજા દિવસે એ ધારદાર કુહાડી લઈ આવ્યો. બપોરનો સમય થયો એટલે એ કુહાડી હાથમાં લઈને કુટિરની પાછળ સંતાઈને બેસી ગયો.

હવે પેલાં છોકરાંઓની રાહ જૂએ છે અને મનમાં વિચારે છે કે 'ક્યારે છોકરાંઓ આવે અને ક્યારે છૂપી રીતે એમની પાસે પહોંચી જઈને એમના ટાંટીયા ભાંગી નાંખું, એમને લોહીલુહાણ કરી નાંખું કે જેથી મારી વાડીમાં ફરીથી પગ મૂકવાનું ભૂલી જાય.' આગલા ભવમાં ક્રોધના સંસ્કાર લઈને આ જીવ મર્યો હતો, તે સંસ્કાર હવે આ ભવમાં પણ વકરી રહ્યાં છે.

કૌશિક તાપસ હાથમાં કુહાડી લઈને સંતાઈને બેઠો છે, ને

રોજના કાર્યક્રમ મુજબ પેલાં છોકરાંઓ વાડીમાં ઘૂસે છે. એમને ફળ તોડતાં જોયાં કે તરત જ કૌશિક કુહાડી સાથે ત્યાં પહોંચી જવા દોટ મૂકે છે. મનમાં ગુસ્સો છે, હાથમાં કુહાડી છે, નજર વાડીના બીજા છેડે ઘૂસી ગયેલા છોકરાંઓ ઉપર છે, ને કૌશિક છોકરાંઓને મારવા માટે ઝડપથી દોડી રહ્યો છે.

ગુસ્સામાં ધમધમતાં કૌશિકને ખ્યાલ ન રહ્યો કે વાડીમાં ઝાડના છોડ રોપવા માટે મોટા મોટા ખાડાઓ કરેલાં છે. એ ખાડાઓ પૈકી કેટલાંકમાં છોડ રોપી દેવાયાં છે ને કેટલાક ખાડા એમને એમ ખાલી પડેલા છે. છોકરાંઓને મારવા માટે ઝડપથી દોડતાં કૌશિક તાપસને રસ્તામાં આવતાં ખાડાનો ખ્યાલ ન રહ્યો. એનો પગ એક ખાડામાં પડ્યો, ગભરાટના કારણે કુહાડી હાથમાંથી છટકી ગઈ ને એ સીધી એની પોતાની ખોપરી પર પડતાં ખોપરી ફાટી ગઈ, કૌશિક લોહીલુહાણ થયો અને ત્યાંજ એનું મૃત્યુ થઈ ગયું.

આ જીવન પણ માનવનું હતું. અગાઉનું જીવન પણ માનવનું હતું. અગાઉના જીવનમાં પણ ક્રોધના સંસ્કાર સાથે મૃત્યુ થયું હતું, ને આ જીવનમાં પણ ક્રોધના સંસ્કાર સાથે મૃત્યુ થયું. આમ ક્રોધના સંસ્કારની પરંપરા ચાલી.

**તાપસ મરીને સાપ બને છે :**

કૌશિક તાપસ નાનપણથી જ લાડકોડમાં ઉછરેલો અને ઉગ્ર સ્વભાવના કારણે સતત આવેશમાં જીવન જીવેલો. આ તાપસના ભવમાં એવી કોઈ સાધના પણ નહોતી કે જેથી એને ફરી માનવજીવન મળે. આ ચંડકૌશિક તાપસ ક્રોધના સંસ્કાર સાથે

મૃત્યુ પામીને બીજા ભવમાં જંગલમાં ભયંકર ઝેરી સાપ રૂપે ઉત્પન્ન થયો.

કુદરતનું તંત્ર ખૂબ વ્યવસ્થિત રીતે કામ કરે છે. એ કહે છે કે 'તને જે કામ બહુ ગમતું હોય એવી જ ગતિ તને આપું' એ ન્યાય મુજબ બહુ ગુસ્સો કરનારને અને વાત વાતમાં ફૂંફાડા મારનારને કુદરત બીજા ભવમાં સાપ બનાવે. અતિ ક્રોધી ચંડકૌશિક મરીને ભયંકર ઝેરીલો સાપ બન્યો અને ત્યાં તેનું એક જ કામ રહ્યું, પશુ, પંખી, માનવ, જે કોઈ મળે એને - ખુદ જંગલની હરિયાળી વનસ્પતિને પણ કાતીલ ઝેરથી બાળીને ખાખ કરી નાખવાનું ! આમને આમ એણે આખું જંગલ સાફ કરી નાખ્યું.

ખુદ ભગવાન મહાવીર આવ્યાં તો એમને પણ મારી નાંખવા માટે એ ધસમસ્યો, ડંખ દીધાં અને પ્રભુને પછાડવાના એણે પ્રયત્નો કર્યાં. જુઓ, માનવજીવનમાં ક્રોધના સંસ્કાર લઈને મર્યો હતો તો એ સંસ્કારના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી કેટકેટલાં ગુણાકાર થયા ! આ વાતને જરા વિસ્તારથી વિચારીએ.

**સંસ્કારોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ :**

મુનિના પહેલા ભવમાં એમણે જે ક્રોધ કર્યો એ ક્રોધના દ્રવ્ય કેટલાં હતાં, એ ક્રોધનું લક્ષ્ય કોણ કોણ હતું ? શું બધા જ સાધુઓ ઉપર એમને ક્રોધ હતો ? ના, એ વખતે ક્રોધનું દ્રવ્ય કેવળ એક જ બાલમુનિ હતાં, બીજું કોઈ નહોતું.

તે વખતે એમના ક્રોધનું ક્ષેત્ર પણ કેટલું હતું ? કેવળ ઉપાશ્રયનો એક ઓરડો. એ સિવાય બીજે ક્યાંય એમનો ક્રોધ ફેલાયેલો ન હતો. એજ રીતે એમના ક્રોધનો કાળ પણ કેટલો હતો ?

પ્રતિક્રમણ શરૂ થયું ત્યારે જ મુનિને વિચાર આવ્યો હતો કે આ બાળમુનિને ઠોકવો જોઈએ. પ્રતિક્રમણ પૂરું થયું કે તરત જ એ બાલમુનિને તમાચો મારવા દોડ્યા હતા ને જાતે જ પતી ગયા હતા. આ પ્રતિક્રમણ કરતા જે એકાદ કલાક પસાર થયો હશે એ એમનો ક્રોધનો કાળ. અને ભાવ પણ શો હતો ? બાલમુનિને જાનથી મારી નાંખવાનો હતો ? ના, તો એમને લોહીલુહાણ કરી નાંખવાનો હતો ? ના, માત્ર તમાચો મારીને ચમચમાટ કરવાનો જ ભાવ હતો. ક્રોધનો આ નાનકડો સંસ્કાર લઈને મુનિ મૃત્યુ પામ્યા અને તાપસના ભવમાં એના ગુણાકાર થયા.

મુનિના ભવમાં એમના ક્રોધનું દ્રવ્ય એક બાલમુનિ હતા. તાપસના ભવમાં એમના ક્રોધનું દ્રવ્ય વાડીમાં ચોરી કરવા આવનાર અનેક છોકરાંઓ હતા.

મુનિના ભવમાં એમના ક્રોધનું ક્ષેત્ર ઉપાશ્રયનો એક ઓરડો હતો જ્યારે તાપસના ભવમાં એમના ક્રોધનું ક્ષેત્ર આખી વાડી હતી. 'વાડીમાં કોઈ પગ પણ મૂકે તો એની ખબર લઈ નાખું' એવા ધમધમાટમાં એ સતત રહ્યો.

મુનિના ભવમાં ક્રોધનો કાળ એક કલાકનો હતો. તાપસના ભવમાં છોકરાંઓને વાડીમાં ઘૂસતા જોયાં ત્યારથી તે બીજા દિવસ સુધી એ લોકો જ્યાં સુધી હાથમાં ન આવે ત્યાં સુધીનો ચોવીસ કલાકનો કાળ.

મુનિના ભવમાં ક્રોધનો ભાવ બાલમુનિને તમાચો મારવા પૂરતો જ હતો જ્યારે તાપસના ભવમાં છોકરાંઓને લોહીલુહાણ કરી નાંખવાનો અને એમના ટાંટિયા તોડી નાંખવાનો ભાવ હતો.

આમ, મુનિના ભવમાં જે ક્રોધનો એક સંસ્કાર નંખાયો તેના તાપસના ભવમાં દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચારેય રીતે ગુણાકાર થયા. તાપસનું આ જીવન પણ માનવજીવન હતું અને ત્યાં પણ ક્રોધના સંસ્કારો સાથે મૃત્યુ થયું એટલે એ સંસ્કાર અનેક રીતે ગુણાકાર પામીને આખરે સાપના ભવમાં પહોંચી ગયા. આમ ઉત્તરોત્તર ત્રણ ભવ સુધી ક્રોધના સંસ્કારોના ગુણાકાર થતા રહ્યાં છે.

મુનિના ભવમાં ક્રોધનું દ્રવ્ય એક બાલમુનિ હતા, તાપસના ભવમાં અનેક છોકરાંઓ હતા અને સાપના ભવમાં મનુષ્ય, પશુ, પંખી અને વનસ્પતિ વિગેરે અનેક દ્રવ્યો ઉપર આ ક્રોધ ફેલાતો ગયો. આમ દ્રવ્યથી ક્રોધના સંસ્કારના ગુણાકાર થયા.

મુનિના ભવમાં ક્રોધનું ક્ષેત્ર ઉપાશ્રયનો એક ઓરડો હતો, તાપસના ભવમાં એક મોટી વાડી હતી અને સાપના ભવમાં આખું જંગલ બન્યું. આમ ક્ષેત્રથી પણ ક્રોધના ગુણાકાર થતા ગયા.

મુનિના ભવમાં ક્રોધનો કાળ એક કલાકનો હતો, તાપસના ભવમાં ચોવીસ કલાકનો હતો અને સાપના ભવમાં જન્મથી માંડીને ભગવાન મહાવીરનો ભેટો થયો ત્યાં સુધીનો કાળ ક્રોધના ધમધમાટમાં - ફૂંફાડા મારવામાં વીત્યો. આમ કાળથી પણ ક્રોધના ગુણાકાર થયા.

મુનિના ભવમાં ક્રોધનો ભાવ બાલમુનિને તમાચો મારવાનો હતો, તાપસના ભવમાં છોકરાંઓને લોહીલુહાણ કરવાનો થયો અને સાપના ભવમાં પશુ, પક્ષી, માનવ, વનસ્પતિ વિગેરે બધાને મારી નાંખવા સુધી પહોંચ્યો. આમ ભાવથી પણ ક્રોધના ગુણાકાર થતાં રહ્યાં.

**સાધનાનો પુણ્યોદય :**

એ તો સારું હતું કે મુનિના ભવમાં થોડીઘણી સાધના કરી હશે અને એના કારણે જે પુણ્ય ઊભું થયું હશે, એ પુણ્ય જ ભગવાન મહાવીરને એની પાસે ખેંચી લાવ્યું. ભગવાન મહાવીરની ધીરગંભીર વાણી અને કરૂણાપૂર્ણ દૃષ્ટિ એને અસર કરી ગઈ ને એ આત્મા કંઈક ઠર્યો, સ્વસ્થ થયો, શાંત થયો અને જ્યારે પ્રભુએ 'ચંડકૌશિક, કાંઈક સમજ, કાંઈક સમજ' એમ કહ્યું ત્યારે વિચારમાં પડી ગયો કે 'આ શબ્દ મેં ક્યાંક સાંભળ્યા છે' અને આ વિચારમાં ને વિચારમાં એને પૂર્વ ભવનું સ્મરણ થયું, જાતિસ્મરણ જ્ઞાન થયું.

જ્યાં પૂર્વ ભવનું સ્મરણ થયું ત્યાં જ એને ખ્યાલ આવ્યો કે 'અરે, હું તો મુનિ હતો, પણ એ મુનિના ભવમાં મેં ગુસ્સો કર્યો તો આજે હું ક્યાં પછડાયો ? જો પ્રભુ મહાવીર મને આજે ન મળ્યા હોત તો મારું શું થાત ?' આમ પશ્ચાતાપની પાવન ગંગામાં ચંડકૌશિક પાવન થતો રહ્યો, એણે મનથી પ્રભુની શરણાગતિ સ્વીકારી અને અવળા પાટે ચડી ગયેલી ચંડકૌશિકની ગાડીને બ્રેક લાગી ગઈ.

વિચાર કરો, કે એને જો ભગવાન મહાવીર મળ્યા ન હોત તો એ આત્માની કેવી દુર્દશા થાત ? આ ક્રોધના સંસ્કારના ગુણાકાર થતાં થતાં એને ક્યાં લઈ જાત ?

હા, એની પાસે તો એટલું પણ પુણ્ય હતું કે ભગવાન મહાવીર એનો હાથ ઝાલવા આવ્યા. પણ મારી કે તમારી પાસે એવી કોઈ પુણ્યની પૂંજી છે ખરી કે સાક્ષાત પ્રભુ આપણો હાથ ઝાલવા આવે ? આપણે એવું કોઈ સાધનાનું પુણ્ય ઊભું કર્યું છે

ખરું? જો ના, તો કોના ભરોસે ગમે તેવા સંસ્કારો નાંખીને આ જીંદગીમાંથી ચાલ્યા જવાનું? આનું પરિણામ શું આવશે? જરા શાંતિથી વિચારવાની જરૂર છે.

ધર્મ કરવાનો એટલે બીજુ કશું કરવાનું નથી.
જીવનને શાંતિભર્યું બનાવો.
જીવનને સ્વસ્થતાભર્યું બનાવો.
જીવનને સંસ્કારભર્યું બનાવો.

અવળા સંસ્કારોનું ઉન્મૂલન કરી આપે અને સવળા સંસ્કારોનું વાવેતર કરી આપે એનું નામ ધર્મ.

**અવળા અને સવળા સંસ્કાર :**

ધર્મ કરવાનો છે એટલે જન્મજન્માંતરોના આપણા સંસ્કારોનું પરિવર્તન કરી નાંખવાનું છે. કારણકે આ માનવજીવન જ એવું ખેતર છે કે જ્યાં વાવવામાં આવેલા સંસ્કારો ગુણાકાર થઈને ઉગે છે. આપણા જીવનમાં આપણે જો સંસ્કારોનું ગણિત નહિ સમજીએ તો ઘણી મોટી ગરબડ ઉભી થઈ જશે.

જેમ જીવનમાં અવળા સંસ્કારોની પરંપરા ચાલે છે ને ગુણાકાર થાય છે તેમ સવળા સંસ્કારોની પણ પરંપરા ચાલે છે ને એના પણ ગુણાકાર થાય છે. આ હકીકતની પ્રતીતિ ભગવાન મહાવીરના કાળમાં થયેલ એક બીજા ઐતિહાસિક પાત્રના જીવનમાં જોવા મળે છે.

શાલીભદ્રને શાલીભદ્ર બનાવનાર જો કોઈ તત્ત્વ હોય તો સંસ્કારોના ગુણાકારનું આ તત્ત્વજ્ઞાન છે.

એ શાલીભદ્રના જીવે પૂર્વભવમાં ત્યાગનો એક સંસ્કાર નાંખ્યો, એક બીજ વાવ્યું, ને તે સંસ્કાર ફૂલીફાલીને મોટા થયા, ગુણાકારના રૂપમાં અનેક ગણા થયા ને એણે શાલીભદ્રના ભવમાં ભગવાન મહાવીરનો પણ ભેટો કરાવી આપ્યો.

શાલીભદ્રને આપણે ઓળખીએ છીએ ખરા ? શાલીભદ્રની ઋદ્ધિ માગનારા આપણને એની કઈ ઋદ્ધિ અને સમૃદ્ધિ હતી તેનો કોઈ ખ્યાલ છે ખરો ?

શાલીભદ્રના જીવનને સમજવાની બહુ જરૂર છે. એમનું જીવન ખરેખર અદભૂત જીવન છે.

શાલીભદ્ર શાલીભદ્ર થયા છે, એમાં પણ આ સંસ્કારોના ગુણાકારનું તત્ત્વજ્ઞાન કામ કરી ગયું છે.

પૂર્વભવમાં શાલીભદ્રનો આત્મા એક ગરીબ ભરવાડના કુટુંબમાં જન્મ્યો હતો. એનું નામ હતું સંગમ. સંગમ નાનો હતો ત્યાં જ એના પિતાનું મૃત્યુ થઈ ગયું. એની મા હતી ગોવાલણ. એ લોકોનાં વૈતરાં કરીને અને વાસણ માંજીને પોતાના દીકરાને ઉછેરી રહી હતી. ને નાનકડો સંગમ પોતાના મિત્રો સાથે હરતો, ફરતો, રમતો ઉછરી રહ્યો હતો.

એક તહેવારના દિવસે એ મિત્રો સાથે રમી રહ્યો હતો. તે દિવસના રિવાજ પ્રમાણે દરેકના ઘરે ખીર રંધાવાની હતી. તેથી છોકરાંઓ ખુશ હતા ને રમતાં રમતાં ગેલમાં આવીને કહેતા હતા કે આજે તો મારા ઘરે ખીર રંધાઈ છે, એટલે ખાવાની બહુ મજા પડશે.

**ગરીબીની વેદના :**

આ સાંભળીને સંગમ ભરવાડના મનમાં એવો વિચાર આવ્યો; 'સહુને ત્યાં ખીર થવાની છે તો આજે મારે ત્યાં પણ ખીર થવાની કે નહિ?' એ દોડ્યો ઘરે અને ગયો મા પાસે. 'મા, મા, મારે ખીર ખાવી છે.' આ સાંભળ્યું ને મા ચમકી ગઈ! એ વિચારે છે કે લોકોના વાસણ માંજી, વૈતરાં કરીને રોટલો-છાશ પણ માંડ પામું છું ત્યાં આને ખીર ક્યાંથી ખવડાવું ? આ ક્યાંથી શીખી લાવ્યો ખીરનું નામ? પૂછ્યું, 'બેટા, આ તું શું બોલે છે?' ત્યારે સંગમે કહ્યું, 'હા, મા, મારે ખીર ખાવી છે. બધાને ત્યાં ખીર થવાની છે તો આપણે ત્યાં કેમ નહિ?'

માએ કહ્યું, 'બેટા, એમને ત્યાં ખીર થાય, કારણકે એ પૈસાદારના દીકરા છે. એમનો ચાળો આપણાથી ન કરાય. બેટા, એ રહેવા દે. આપણે તો ગરીબ માણસ છીએ, આપણાથી ખીર ન ખવાય.'

નાનો બાળક હતો, એ શું સમજી શકે કે ઘરની સ્થિતિ શું છે? મા ઘર કેમ ચલાવે છે એનો ખ્યાલ એને ક્યાંથી હોય? એને તો ઈચ્છા થઈ ને માગણી કરી. સમજાવ્યાં છતાં સંગમ માન્યો નહિ એટલે માએ આંખ કાઢીને કહ્યું, 'ખબરદાર, જો હવે ખીરનું નામ લીધું છે તો!'

અને સંગમ રડવા બેઠો, બાપ વગરનો બાળક રડી રહ્યો છે, એની આંખમાં આંસુ જોઈને માનું હૃદય પીગળી જાય છે. એની આંખમાં પણ આંસુ આવી જાય છે. એને એમ થાય છે કે આનો બાપ તો છે નહિ ને આ એકના એક દીકરાની આટલી

મામૂલી ઈચ્છા પણ હું પૂરી કરી શકતી નથી? આટલા વર્ષે, તહેવારના દિવસે દીકરો ખીર માગે તે પણ હું આપી શકતી નથી, મારું કેવું દુર્ભાગ્ય છે !

**પડોશી ધર્મનું પ્રાકટ્ય :**

પોતાની પરિસ્થિતિ પર એ અભણ માતા બેચેન બની જાય છે ને એ પણ રડવા બેસે છે. માતા પણ રડે છે, બાળક પણ રડે છે ને એ બંનેના રૂદનનો અવાજ સાંભળીને પડોશીઓ દોડી આવે છે. 'બહેન, કેમ રડો છો?' મા કહે છે, 'શું કરું? મારો દીકરો ક્યારનો ય જીદ લઈને બેઠો છે, એને ખીર ખાવી છે પણ મારા ઘરમાં તો કશુંય નથી, હું ખીર ક્યાંથી ખવડાવું?'

માએ વાત કરી એટલે પડોશણોએ કહ્યું : 'બહેન, એમાં આટલાં બધાં મૂંઝાવ છો શા માટે ? બાળક છે, ક્યારેક એને કંઈક મન પણ થાય ને માગણી પણ કરે, એમાં શો વાંધો છે ?' ત્યારે મા બોલી, 'પણ, મારા સંજોગો હોય તો ખીર બનાવીને ખવડાવું ને ?' ત્યારે પડોશણો બોલી, 'તમારા સંજોગો નથી તો કાંઈ નહિ, અમે બેઠા છીએ ને ? આવા અવસરે કામ ન લાગીએ તો પછી અમે પડોશી શાના ?'

શાલીભદ્રની ઋદ્ધિ આપણને જોઈએ છે, તો શાલીભદ્રના પૂર્વભવના જીવનને પણ સમજવાની જરૂર છે. કેવા સંસ્કારોની વચ્ચે શાલીભદ્રના વ્યક્તિત્ત્વનું ઘડતર થયું છે !

સંગમ એવા વાતાવરણમાં જીવતો હતો કે જ્યાં દરેક પડોશીઓ પોતાનો પડોશીધર્મ સમજતા હતા. ને એમ માનતા હતા

કે, 'પડોશીના સુખે આપણે સુખી અને પડોશીના દુ:ખે આપણે દુ:ખી. આપણે સુખી હોઈએ તો આપણો પડોશી દુ:ખી ન રહેવો જોઈએ. એને કાંઈ તકલીફ હોય તો આપણે એની પડખે ઉભા રહેવું જોઈએ અને આપણો પડોશીધર્મ બજાવવો જોઈએ.'

સંગમ ભરવાડની ખીર માટેની જીદ પૂરી કરવા બધી પડોશણો દોડી... કોઈ પોતાના ઘરમાંથી દૂધ લઈ આવી, કોઈક ચોખા લાવી તો કોઈક ખાંડ લઈ આવી. આમ ઘર-ઘરમાંથી જૂદી જૂદી ચીજ આવી ને એ દિવસે સંગમના ઘરમાં ખીર રંધાણી. માએ હાંડલીમાંથી એક થાળીમાં ખીર કાઢી આપી અને સંગમને કહ્યું, 'બેટા, બેસ, ખીર ગરમ છે એને જરા ઠરવા દેજે, પછી શાંતિથી ખાજે, નહિ તો તારું મોં દાઝશે. તું ખીર ખાઈ લે એટલામાં હું ગામ બહાર કૂવે જઈને પાણી ભરી આવું.' આટલું કહી મા પાણી ભરવા ગામ બહાર ચાલી ગઈ.

**બીજાને ખવડાવીને જ ખવાય :**

ઘરમાં સંગમ એકલો છે, સામે ખીર ભરેલી થાળી પડેલી છે, એની મીઠી સુગંધ આવી રહી છે ત્યારે સંગમના મનમાં વિચાર આવે છે કે આવી સરસ ખીર તે કાંઈ એકલા એકલા ખવાય ? સારી ચીજ તો કોઈકને ખવડાવીને ખાવી જોઈએ.

શાલીભદ્ર કોણ થઈ શકે ? જેના આવા સંસ્કાર હોય તે !

જમવા બેસતી વખતે કોઈને યાદ કર્યા છે ખરા ? તમે રોજ જમવા બેસો ત્યારે પૂછો તો ખરાને કે 'આજે કોઈ અતિથિ, કોઈ મુસાફર, કોઈ સાધુસંત કે કોઈપણ આપણા ઘરે આવ્યું હતું

ખરું? આપણે ત્યાં કોઈને આજે જમાડ્યા છે?' કોઈકને ખવડાવીને પછી જ મારાથી ખવાય એવો નિયમ તમે રાખ્યો છે?

સુખી માણસોને મારે પૂછવું છે કે રોજ કેટલાને ખવડાવો છો? બધાયનું ખાવાનું જ શીખ્યા છો કે પછી કોઈકને ખવડાવવાનું પણ શીખ્યા છો? કોઈકના સુખ-દુઃખની ચિંતા તમે ક્યારે ય કરી છે ખરી?

આજે માણસ એટલો બધો સ્વાર્થાંધ અને સ્વકેન્દ્રિત બન્યો છે કે એણે બીજાના સુખ-દુઃખનો વિચાર કરવાની પણ માંડવાળ કરી દીધી છે. અને છતાં એને ચોપડામાં તો એમ જ લખવું છે કે 'શાલીભદ્રની ઋદ્ધિ હોજો.'

પેલા સંગમને એમ થયું કે 'આ સારી ચીજ મારા એકલાથી કેમ ખવાય ? કોઈકને ખવડાવ્યા પછી જ મારે ખાવું જોઈએ.' ભલે એ ગોવાળનો દીકરો હતો, બે ચોપડી પણ એ ભણેલો નહિ હોય છતાં એનામાં આવા ઉચ્ચ સંસ્કારો હતા. એની માએ ગળથૂથીમાં જ આ સંસ્કાર પાયા હતા.

**દુગ્ધપાન અને સંસ્કારપાન :**

આપણી ભારતીય સંસ્કૃતિની આ જ મહાનતા હતી કે અહીંની આપણી માતાઓ પોતાના સંતાનોને માત્ર દુધ જ નહોતી પાતી પણ સાથે સાથે પોતાના હૃદયના સુંદર સંસ્કાર પણ પાતી હતી. માફ કરજો, પણ મારે આજની માતાઓને પૂછવું છે કે તમે તમારા બાળકોને તમે તમારું દુધ પાઓ છો તો ખરા ને? કે પછી બાટલીનું દુધ પાઓ છો ?

આજની વિષમતા તો એ છે કે ઘણીવાર માતાને એમ લાગે છે કે જો હું બાળકને ધવડાવીશ તો મારું સૌંદર્ય બગડી જશે ! અને જે માતા પોતાના બાળક માટે આટલો ભોગ આપવા પણ તૈયાર ન હોય એ માતા પાસેથી બીજી તો શી આશા રાખી શકાય? આપણે ક્યાંક ભૂલ્યા છીએ એમ નથી લાગતું ?

આપણી સંસ્કૃતિ તો સમર્પણની સંસ્કૃતિ છે. આ ભારત દેશનો ખેતર ખેડતો ખેડૂત હોય કે ગાય વાળતો ગોવાળ હોય, ભલે એ અડધી ચોપડી પણ ભણ્યો ન હોય, તો પણ એટલું તો સમજતો જ હતો કે બાળકને સારા સંસ્કાર આપવા જોઈએ. આ માટે એ પોતાના સંતાનોને પ્રેમથી સમજાવતો હતો કે 'સારી ચીજમાં કદી એકલપેટા ન થવાય, કોઈકને ખવડાવીને પછી જ ખવાય, આપણા સુખમાં બીજાને ભાગીદાર બનાવ્યા પછી જ આપણાથી સુખ ભોગવી શકાય.'

તમે તમારા બાળકોને આવું કાંઈ શીખવો છો ખરા ? બાળકોને પ્રેમથી પોતાની પાસે બેસાડીને કેટલા મા-બાપો આવી સંસ્કાર સિંચનની વાતો કરતા હશે ?

**એકલપેટા થવાનો સંસ્કાર :**

એક વખત એક ગામમાં હું ગોચરી વહોરવા નીકળ્યો હતો. રસ્તામાં એક જૈન પરિવારનું ઘર આવ્યું અને મેં એ ઘરમાં પ્રવેશ કર્યો, 'ધર્મલાભ' બોલીને જેવો એ ઘરમાં દાખલ થયો તે જ વખતે એક માતાના પોતાના દીકરાને ભલામણ કરતી વખતના શબ્દો મારા કાને પડ્યા. દીકરાને સ્કૂલે જવા માએ તૈયાર કર્યો હતો, સ્કૂલ જરા આઘી હશે, ને છૂટ્ટીમાં એ બાળક ઘરે જમવા આવતો

નહિં હોય એટલે એની માએ નાસ્તાનો ડબ્બો ભેગો આપ્યો હતો અને દીકરાને શીખામણ આપતી હતી કે 'જો દીકરા, તારી બેગમાં નાસ્તાનો ડબ્બો મૂક્યો છે, તેમાં તલસાંકળી અને ગાંઠીયા છે, વચ્ચે રજામાં શાંતિથી ખાઈ લેજે, પણ જોજે, એક બાજુ ખૂણામાં જઈને ખાજે, બધાની વચ્ચે ડબ્બો ન ખોલીશ, મફતીયું ખાનારા ઘણાં હોય છે, માટે ધ્યાન રાખજે.'

મા પોતાના દીકરાને કેવા ખોટા સંસ્કાર આપતી હતી ! મને એમ થઈ ગયું કે એકલપેટા થવાના સંસ્કાર લઈને ઉછરેલો આ દીકરો જ્યારે મોટો થઈને કમાશે ત્યારે એમજ વિચારશે ને કે 'હું જે કમાયો છું તે મારું જ છે, તે હું એકલો જ ભોગવું, મારી માને પણ શું કામ ભાગ આપું ?'

સ્વાર્થી અને એકલપેટા થવાના આવા સંસ્કારો જે મા-બાપોએ પોતાના બાળકોને આપ્યા હોય તે મા-બાપોએ યાદ રાખવું જોઈએ કે આ બાળકો મોટા થઈને બીજાઓને તો ઠીક, પણ તમને પણ પારકા ગણશે અને ઘડપણમાં તમારી સેવા કરવા તેઓ રાજી નહિ થાય. માટે બાળકોને સંસ્કારો આપવા હોય તો સારા થવાના જ સંસ્કારો આપજો.

બાળકોને પહેલેથી જ એવા સંસ્કાર આપો કે એ એકલપેટો ન થાય, કોઈકનું દુઃખ જોઈને એનું હૃદય પણ દ્રવી ઉઠે, બીજાનું દુઃખ દૂર કરવા માટે ભોગ આપવાની લાગણીઓ એના મનમાં જાગે અને એ સાચો માનવ બને.

**આદર્શો ઉંચા રાખો :**

બાળકોને સંસ્કાર સિંચન કરો તેની સાથે સાથે તમારા

પોતાના જીવનના આદર્શો પણ એવા ઉંચા રાખો કે એમાંથી જ તમારા બાળકોને રૂડાં સંસ્કાર મળે કે 'થોડામાંથી થોડું પણ કોઈક ને આપ્યા પછી જ ખાઈશ, એકલપેટો થઈને તો નહિ જ ખાઉં. બીજા પણ મારા જેવા જ જીવો છે, મારાથી શક્ય હશે તે રીતે પણ એ સૌના દુઃખ દૂર કરવા હું મથતો જ રહીશ.'

તમારા ઘરમાં કબાટો ભરીને સાડીઓ પડી હોય છતાં નવી નવી સાડીઓ ખરીદવાનું મન થયા કરે અને ઘરમાં સાડીઓના ખડકલા થતા હોય તો મારે તમને પૂછવું છે કે, કોઈક દિવસ રસ્તા પરથી ચાલ્યા જતા હો ત્યારે તમારા જેવી જ બીજી કોઈ ગરીબ સ્ત્રી જોવા મળે કે જેની પાસે લાજ ઢાંકવા પૂરતું પણ વસ્ત્ર નથી તો એને જોઈને તમને વિચાર આવે છે ખરો કે 'ઘરના કબાટમાં સાડીઓના ઢગલા પડ્યા છે એમાંથી ન ગમતી હોય કે ઓછી ગમતી હોય એવી એકાદ સાડી તો લાવીને આને આપી દઉં?' કોઈ દિવસ આવું બન્યું છે ખરું ?

તમે માત્ર ભેગું જ કર્યા કરશો ? માત્ર પોતાના મોજ શોખ જ કર્યા કરશો ? તમારા વૈભવના વરવાં પ્રદર્શનો જ કર્યા કરશો ? તમને જો પુણ્યના ઉદયથી વૈભવ તથા સંપત્તિ મળ્યાં છે તો તેમાં છકી ગયેલાં જ રહેશો ? કે પછી, કોઈ દિવસ બીજાનો વિચાર પણ કરશો ?

જે માણસ બીજાનો વિચાર પણ નથી કરતો એનું પુણ્ય ક્યારે પરવારી જશે એનો કોઈ ભરોસો નથી. યાદ રાખજો, તમે જો કોઈની ય દુઆ ન લીધી અને તમારા વૈભવના વરવાં પ્રદર્શનો ચાલુ જ રહ્યાં તો કોઈક દિવસ તમારો એ વૈભવ તમને ભરખી જશે.

**દુ:ખીની આંતરડી ઠારો :**

તમારા પુણ્યનો આજે ઉદય હોય તો ભલે તમે ભોગવો, પરંતુ સાથે સાથે કોઈકની દુઆ લેવાનું પણ ચાલુ રાખો, કોઈકની આંતરડી ઠારતા રહો, કોઈકના દુ:ખ દૂર કરતા રહો અને કોઈકના સુખમાં નિમિત્ત પણ બનતા રહો. આમ કરતા રહેશો તો દુ:ખીની આંતરડીના આશીર્વાદ તમારા પુણ્યના ઉદયને ટકાવી રાખશે અને તમારા વૈભવો સલામત રહેશે. કોઈકના હૃદયની હાય ક્યારેક તમને દઝાડી ન જાય એ માટે સદાય જાગ્રત રહેજો.

પેલા સંગમને આજે જીંદગીમાં પહેલીવાર ખીર મળી છે, તે વખતે માતાએ આપેલા સંસ્કાર તેને એમ કહે છે કે 'સંગમ, એકલપેટો ન થઈશ, કોઈકને ખવડાવીને ખાજે.'

તમારા બાળકોને પણ આ શીખવાડજો, એને એકલપેટો થવાનું કે ખૂણામાં જઈને ખાવાનું ન શીખવાડશો. અને આ સંસ્કાર તમારા બાળકોને મળે એ માટે એમની નજર સામે જ રોજ કોઈકને ખવડાવીને જ ખાવાનું રાખજો. ખાવા બેસો ત્યારે કોઈકને પણ જરૂરથી યાદ કરજો અને એને સાથે બેસાડીને પ્રેમથી જમાડજો.

એક જમાનો એવો હતો કે મહેમાનો આંગણે આવે તો લોકો રાજી થતાં, અને પ્રેમભર્યો આગ્રહ કરીને તેમને ભાવથી જમાડતાં, પરંતુ આજે શી હાલત છે ? મને એક કવિની પંકતિઓ યાદ આવે છે, પહેલાંના અને આજના લોકોની મન:સ્થિતિની સરખામણી કરતા આ કવિ કહે છે :

*'ક્યા દિન થે, કોઈ આયે તો ખાયે,*
*ક્યા દિન હૈ, યે જાયે તો ખાયે.'*

પહેલાના દિવસોમાં માણસ એમ વિચારતો કે 'કોઈક આવી જાય તો ભેગા બેસીને ખાઈએ, એકલા ખાવાની શું મજા આવે?' અને આજે તો એવા દિવસ આવ્યા છે કે માણસ એમ વિચારતો થયો છે કે 'આ જાય એટલે જમવા બેસીએ નહિ તો એને પણ જમવા બેસાડવો પડશે !'

પેલો સંગમ વિચારે છે કે 'જીંદગીમાં આજે પહેલીવાર સારી ચીજ મળી છે તો કો'કને ખવડાવીને ખાઉં.' આમ વિચારીને એ ઘરની બહાર નીકળે છે, ગલીમાં જૂએ છે કે કોઈ ભિખારી, કોઈ ગરીબ, કોઈ મુસાફર કે કોઈ અતિથિ દેખાય તો બોલાવી લાવું. સંગમ બહાર નીકળ્યો તે વખતે એના કોઈ પુણ્યનો ઉદય હશે, જેથી એક તપસ્વી મુનિરાજ મધ્યાહ્ન સમયે ભિક્ષા લેવા માટે, ગોચરી વહોરવા માટે નીકળેલા હતા. સંગમે મુનિરાજને જોયા કે તરત જ દોટ મૂકી. દોડતો ગયો અને મુનિનો હાથ પકડીને કહ્યું, 'મહારાજ, મહારાજ, મારે ઘરે ચાલો, હું તમને ખીર આપું.'

**નિર્દોષતા અને મહાનતા :**

મુનિરાજે આ બાળકની નિર્દોષતા જોઈ, એના ભાવ જોયા અને તરત એની સાથે જઈ, ધર્મલાભ આપી, ઘરમાં દાખલ થયા. ખીરની થાળી તો તૈયાર જ હતી. મુનિરાજે પાત્ર કાઢ્યું, ને સંગમે ખીરની આખી થાળી મુનિરાજના પાત્રમાં ખાલી કરી દીધી !

જૂઓ, શાલીભદ્ર થનાર સંગમના જીવની મહાનતા ! જીંદગીમાં પહેલીવાર જ ખીર મળી છે, હજી એણે ચાખી પણ નથી, પોતાને ખાવાની બાકી છે, રોઈ રોઈને મા પાસે બનાવડાવી છે તે છતાં એણે આ ખીર મુનિરાજને પૂરેપૂરી વહોરાવી દીધી !

મુનિરાજ તો 'ના, ના' કહેતા રહ્યાં પરંતુ સંગમના હૃદયમાં એવો ભાવ જાગી ગયો કે 'સંતના પગલા મારા ઘરમાં ક્યાંથી? આવો લાભ મને ક્યારે મળવાનો હતો ?' એણે સઘળી ખીર મુનિરાજના પાત્રમાં નાંખી દીધી.

મુનિરાજ તો ગોચરી વહોરીને ચાલ્યા ગયા, સંગમને ખીર ખાવી નહોતી એટલે આપી દીધી એવું તો નહોતું. મુનિરાજ ગયા પછી એ બેઠો ને થાળીમાં ચોંટી રહેલી ખીર જીભથી ચાટવા લાગ્યો. એ ચોંટેલી ખીર ચાટતો જાય છે અને મોં પર આનંદ પથરાતો જાય છે. આ આનંદ શેનો હતો ? ખીર ચાટવા મળી એનો ? ના, ખાધા પહેલા મુનિરાજને ખીર વહોરાવી શકાઈ એનો આનંદ હતો. ખાતાં પહેલા કોઈકને ખવડાવ્યાનો આનંદ હતો.

ખાવા કરતાં કોઈકને ખવડાવવામાં વધુ આનંદ હોય છે તે અનુભવ્યું છે કોઈ દિવસ ? ખાવામાં જે મજા નથી આવતી તે ખવડાવવામાં આવે છે. આવો આનંદ માણ્યા પછી સંગમ ખીર ચાટતો બેઠો છે એટલામાં તેની મા પાણી ભરીને આવે છે.

માએ જોયું કે બાળક ખૂબ ખુશ દેખાય છે એટલે એને એમ થયું કે મારા દીકરાને ખીર બહુ જ ભાવી ગઈ લાગે છે. એટલે આટલો ખુશ દેખાય છે.

માને પોતાની ગેરહાજરીમાં અહીં ઘરમાં શું બની ગયું છે એની કશી જ ખબર નથી એટલે એને તો એમ જ વિચાર આવે છે કે 'આને ખીર બહુ ભાવી ગઈ છે એટલે ચાટી રહ્યો છે.' તેથી એ દીકરાને કહે છે કે 'બેટા, તને ખીર ભાવી ? બીજી આપું ?' ત્યારે સંગમ માને કહે છે, 'હા મા, હોય તો આપ.'

તે આટલું જ બોલે છે. પોતાની મા આગળ પણ બડાશ મારતો નથી કે 'મેં તારી આપેલી ખીર એક સાધુમહારાજને વહોરાવી દીધી છે ને હું ખાલી થાળી જ ચાટી રહ્યો છું.'

**સત્કાર્યોને ગુપ્ત રાખતાં શીખો :**

સંગમે પોતાની સગી મા આગળ પણ પોતે કરેલા સત્કર્મની વાત છુપાવી, કારણ કે કોઈ એવા ઉત્તમ સંસ્કાર લઈને આ જીવ આવ્યો હશે કે 'જે કાંઈ સુકૃત કરીએ તે હંમેશા ગુપ્ત રાખવું જોઈએ, સુકૃતનું પ્રદર્શન કરવાનું ન હોય, એનો કોઈ ઢંઢેરો પીટવાનો ન હોય કે એની કોઈ જાહેરાત કરવાની ન હોય.' આવી કોઈ ઊંડી સમજણ કે ઉચ્ચ સંસ્કારોના કારણે જ એ આત્મા બીજા ભવમાં શાલીભદ્ર થયો હશે, એમ નથી લાગતું ?

આજે તો આપણે સુકૃત થોડું કરવું છે અને તેની જાહેરાતો વધુ કરવી છે. દાન થોડું દેવુ છે અને તક્તી મોટી લગાવવી છે. અને વળી પાછા ચોપડામાં લખવું છે કે 'શાલીભદ્રની ઋદ્ધિ હોજો !' શાલીભદ્ર જેવી યોગ્યતા ખીલવીએ નહિ તો શાલીભદ્રની સિદ્ધિ ક્યાંથી સાંપડે ?

રડી રડીને મા પાસેથી ખીર મેળવનારો સંગમ માને પણ નથી કહેતો કે 'મેં ખીર ખાવાને બદલે મુનિરાજને વહોરાવી દીધી છે.' એટલે તો મા હાંડલીમાંથી બીજી થાળી ભરીને ખીર કાઢી આપે છે ને સંગમ એ ખીર ખાઈ રહ્યો છે, મા બેઠી બેઠી દિકરાને જોયા કરે છે.

માને થયું, 'મારા દીકરાએ જીંદગીમાં ક્યારે ય ખીર ખાધી નથી, ખીર પણ સરસ દુધપાક જેવી બનાવી હતી, આવો ભારે

ખોરાક, એ એક થાળી ભરીને પહેલા ખાઈ ગયો, બીજી થાળી ભરીને પણ ખીર ખાઈ ગયો, તો આટલી બધી ખીર એને પચશે કે નહિ પચે ?'

જોકે દીકરાએ તો એક જ થાળી ભરીને ખીર ખાધી હતી, છતાં માની મીઠી નજર લાગી ગઈ હોય કે પછી એની ચિંતા સાચી પડવાની હોય, ગમેતેમ હોય પણ તે દિવસે એ ખીર સંગમને પચી નહિ. એના પેટમાં ગેટ્રિક ટ્રબલ શરૂ થઈ, પેટમાં સખત દુખાવો શરૂ થયો અને છાતીમાં ગભરામણ થવા લાગી.

માએ પથારી પાથરીને સંગમને સુવડાવી દીધો. પણ પેટની પીડા વધતી ચાલી, ગેસ ઉપર ચઢવા લાગ્યો, હૃદય પરનું દબાણ વધવા માડ્યું, શ્વાસ લેતાં પણ તકલીફ થવા લાગી, પથારીમાં પડેલો સંગમ આમથી તેમ આળોટે છે, મા પ્રેમથી સારવાર કરી રહી છે, પરંતુ સંગમની તબિયત વધુને વધુ ગંભીર બનતી ગઈ.

મોત નજર સમક્ષ દેખાવા માડ્યું, ને સંગમ પથારીમાં પડ્યો પડ્યો વિચારે છે કે 'આજે કેવા મહાન સંત આવ્યા હતા ! કેવા સરસ સાધુપુરુષ હતા ! એમને ખીર વહોરાવવાનો કેવો સરસ મને લાભ મળી ગયો ! આમ શારીરિક વેદનામાં પણ મનની પ્રસન્નતા અને સુકૃતની અનુમોદના ચાલતી રહી.

**સુકૃતની અનુમોદના કરતા રહો :**

સુકૃત કર્યા પછી મનમાં એની સતત અનુમોદના કર્યા કરજો. સુકૃત કર્યા પછી જો મન બગાડશો તો યાદ રાખજો, કરેલું સુકૃત ધોવાઈ જશે. આજે સુકૃત કરવું સહેલું છે પણ એની

અનુમોદના કરવી, પાછળથી એનો આનંદ ટકાવી રાખવો મુશ્કેલ છે. ઘણીવાર એવું બને છે કે માણસ ઉમળકામાં આવીને સારા કામ પાછળ સારો એવો ખર્ચ કરી નાંખે છે, પણ પાછળથી 'આમ ન કર્યું હોત તો સારું થાત' એમ જીવ બાળે છે. આમ વ્યક્તિ સુકૃત કરે તો ખરી પણ પછી મન બગાડે તો કરેલું સુકૃત વ્યર્થ જાય અને પુણ્ય ધોવાઈ જાય.

સંગમ મરણપથારીએ પડ્યો છે પણ સુકૃતની અનુમોદના કર્યા કરે છે કે 'કેવા મુનિરાજ હતા ! કેવો સરસ લાભ મળી ગયો !' આ અનુમોદનામાં ને અનુમોદનામાં જ રાત્રે એનું મૃત્યુ થયું. ત્યાગના સંસ્કાર લઈને, સત્કાર્યની અનુમોદનાનો ભાવ લઈને સંગમના જીવે ત્યાંથી વિદાય લીધી. એનું મૃત્યુ પણ મંગલમય બની ગયું.

માનવજીવનમાં તમે જે સંસ્કાર લઈને મરો તે સંસ્કાર જન્માંતરમાં પણ સાથે આવે છે અને તેના ગુણાકાર થાય છે. શાલીભદ્રના જીવનમાં પણ આપણને આ તત્ત્વજ્ઞાનના ચમકારા જોવા મળે છે.

**પૂર્વજન્મની સાધના :**

મૃત્યુ પામ્યા બાદ સંગમનો આત્મા રાજગૃહી નગરમાં ગોભદ્ર શેઠને ત્યાં શાલીભદ્ર રૂપે જન્મ લે છે. પુણ્યશાળી આત્માઓ સંસ્કારી અને સુખી પરિવારમાં જન્મ લેતાં હોય છે અને પૂર્વજન્મની સાધનાના પ્રતાપે ત્યાં વધુ આત્મવિકાસની તકો પણ સહજ રીતે તેમને પ્રાપ્ત થાય છે.

સંગમ મૃત્યુ પામીને શાલીભદ્ર થયો. ખૂબ વૈભવ અને સુખસાહ્યબીમાં એનો ઉછેર થઈ રહ્યો છે. નાનપણમાં જ પિતા ગોભદ્ર શેઠનું મૃત્યુ થયું પરંતુ શાલીભદ્ર ઉપર અસીમ પ્રેમ વરસાવનારા એ ગોભદ્ર શેઠ, દેવલોકમાં રહ્યા રહ્યા પણ શાલીભદ્રને ભૂલી શકતા નથી. દૈવી સમૃદ્ધિની વચ્ચે ઉછરતો શાલીભદ્ર યુવાન થયો. અને બત્રીસ બત્રીસ શ્રેષ્ઠી કન્યાઓ સાથે ભદ્રા માતાએ એના લગ્ન કર્યા.

સાત સાત માળની હવેલીમાં બત્રીસ પત્નીઓ સાથે શાલીભદ્ર વૈભવી જીવન જીવી રહ્યો છે. બીજી બાજુ તેના ઉપર ખૂબ પ્રેમ ધરાવનારા સદ્‌ગત પિતા પોતાની દૈવી શક્તિથી રોજે રોજ પુત્રના ઘરમાં નવ્વાણું પેટીઓ ઉતારે છે. તેમાં બત્રીસ પત્નીઓ અને તેંત્રીસમા શાલીભદ્ર માટે ઘરેણાંની, વસ્ત્રોની અને ખાવાની તેંત્રીસ તેંત્રીસ પેટીઓ હોય છે. આજે જે ઘરેણાં અને વસ્ત્ર પહેર્યા તે કાલે નહિ પહેરવાના ! રોજ નવા વસ્ત્ર, રોજ નવા ઘરેણાં ! જૂના કોઈકને આપી દેવાના !

**શાલીભદ્રનું વિશિષ્ટ પુણ્ય :**

તમારું પુણ્ય કેવું છે ? તમને તો વાસી રોટલી પણ ભિખારીને આપી દેવાની હિંમત ન ચાલે, એટલે તમે એને ફ્રિઝમાં મૂકી દો, શાક વધ્યું હોય, દાળ વધી હોય તો ય ફ્રિઝમાં મૂકી દો, કોઈ ભૂખ્યાને આપી દેવાનું જીગર ન ચાલે, અને છતાં તમે એમ માનો કે અમે બહુ શ્રીમંત છીએ ! જો તમારી આવી સ્થિતિ હોય તો તમારા જેવો કંગાળ બીજો કોઈ નહિ. જેનું દિલ ગરીબ છે એ બહારથી ગમે તેટલો અમીર દેખાતો હોય તો પણ દરિદ્ર જ છે.

પુણ્ય તો શાલીભદ્રનું કહેવાય કે એ અને એમની પત્નીઓ આજે પહેરેલા કપડા કે ઘરેણાં પણ બીજા દિવસે નહોતાં પહેરતાં ! રોજે રોજ ઘરેણાં અને કપડાંની નવી પેટીઓ આવતી હતી !

આજે તમે રસોડામાં જે મસોતું વાપરો તે કાલે તો ન જ વાપરો ને ? મસોતું પણ રોજ નવું આવે ખરું ? મને ખાત્રી છે કે તમે હા પાડી શકવાના નથી, તો પછી કયું મોટું પુણ્ય છે આપણી પાસે, કે આપણે મગજમાં ખોટી ખુમારી લઈને ફરીએ છીએ કે 'અમે બહુ પુણ્યશાળી છીએ !'

અરે, પુણ્ય તો શાલીભદ્રનું કહેવાય, જેમના તેંત્રીસ જણ માટે તેંત્રીસ ઘરેણાંની અને કપડાંની પેટીઓની સાથે સાથે રોજ તેંત્રીસ ભોજનની થાળીઓ પણ તૈયાર આવતી હતી ! રાંધવાની કળાકૂટ જ નહિ ! ખાઈ પીને ઉભા થઈ જવાનું ! મોજથી જીવન જીવવાનું ! કેવું અથાગ પુણ્ય હશે !

**ભદ્રામાતાનો દેશપ્રેમ :**

આવા અથાગ પુણ્યનો સ્વામી શાલીભદ્ર વૈભવવિલાસમાં જીવન જીવી રહ્યો છે, પરંતુ સાથે સાથે પૂર્વભવમાં સેવેલા ત્યાગના સંસ્કાર પણ ગુણાકાર પામીને અહીં વિકસતા રહ્યા છે. અને ત્યાગના એ સંસ્કારોને વિશેષ જાગ્રત થવાની એક તક અચાનક ઉભી થઈ જાય છે.

વાત એવી બનેલી કે નેપાળના કેટલાક વહેપારીઓ કિંમતી રત્નકંબલ લઈને મગધ દેશના રાજાને ત્યાં વેચવા માટે આવેલા, એ રત્નકંબલ મહારાણી ચેલ્લણાને ખૂબ ગમી ગયેલી, પણ તેની

અતિ મોંઘી કિંમત સાંભળીને મહારાજા શ્રેણિકે તે ખરીદવા ના પાડેલી, એટલે પેલા નેપાળી વહેપારીઓ નિરાશ અને ઉદાસ થઈને, મોંઘી રત્નકંબલો સાથે લથડતા પગે પાછા ફરી રહ્યા હતા, તે વખતે પોતાની હવેલીના ઝરૂખામાં બેઠેલા શાલીભદ્રના માતુશ્રી ભદ્રાએ રસ્તા પરથી ચાલ્યા જતા એ વહેપારીઓને જોયા.

અને ભદ્રામાતાને વિચાર આવ્યો કે, 'રાજમાર્ગ પરથી લથડતા પગે ચાલ્યા જતાં આ માણસો તો કોઈ વિદેશી વહેપારીઓ લાગે છે, એ ઉદાસ થઈને કેમ પાછા ફરતા હશે? શું થયું હશે ? આ દેશમાં આવીને એમનો ધંધો થયો નહિ હોય અને એમને જો કાંઈ મળ્યું નહિ હોય તો એ પોતાના દેશમાં જઈને કહેશે કે 'મગધ દેશ તો કંગાળ દેશ છે.' તો મારા દેશની આબરૂ કેટલી રહેશે ? આ તો મારા દેશના ગૌરવનો સવાલ છે, માટે મારે કાંઈક કરવું જોઈએ.'

ભદ્રામાતાએ રસ્તા ઉપર એક માણસ મોકલીને તે વહેપારીઓને પોતાની પાસે બોલાવ્યા અને ઉદાસીનું કારણ પૂછ્યું, ત્યારે એ વહેપારીઓએ જણાવ્યું કે 'અમે તો મગધ દેશની મોટી ખ્યાતિ સાંભળીને અહીં વેપાર કરવા આવ્યા હતા, આ માટે અમારી કિંમતી રત્નકંબલો લઈને મહારાજા શ્રેણિકના રાજભવનમાં ગયા હતા, પણ રાજા શ્રેણિકે જ્યાં રત્નકંબલની કિંમત સાંભળી ત્યાં જ ઠરી ગયા અને અમારી રત્નકંબલ ખરીદવાની ના પાડી દીધી. જ્યાંનો રાજા રત્નકંબલ ન ખરીદી શકતો હોય ત્યાંની પ્રજા તો ક્યાંથી ખરીદવાની હતી ? એટલે અમે નિરાશ થઈને પાછા જઈ રહ્યાં છીએ, અમને ખબર નહિ કે મગધ દેશ આટલો કંગાળ હશે !'

આ બધી વાત સાંભળીને ભદ્રામાતાને થયું કે, આમાં તો દેશનું ગૌરવ હણાશે, એટલે તેમણે વહેપારીઓને શાંતિથી બેસાડ્યાં અને કહ્યું : 'ભાઈઓ, તમારી પાસે કેટલી રત્નકંબલો છે ?' વહેપારીઓએ કહ્યું : 'સોળ છે.' ત્યારે ભદ્રા માતા તેમને કહે છે : 'બસ, સોળ જ છે ? મારે તો બત્રીસ જોઈએ છે.'

પેલા વહેપારીઓને થયું કે, 'આ માજી એક રત્નકંબલની કિંમત તો પૂછતા નથી અને કહે છે કે મારે બત્રીસ જોઈએ છે. મગધના મહારાજા જે રત્નકંબલની કિંમત સાંભળીને એક ખરીદવા માટે પણ તૈયાર ન થયા તે રત્નકંબલ બત્રીસની સંખ્યામાં ખરીદવાની આ ડોશીમા વાત કરે છે !'

વહેપારીઓ ભદ્રામાતાને કહે છે : 'આ રત્નકંબલની કિંમત તમને ખબર છે ?' એટલે ભદ્રામાતા પૂછે છે, 'કેટલી કિંમત છે ?' ત્યારે પેલા વહેપારીઓ કહે છે 'એક એક રત્નકંબલની કિંમત લાખ લાખ સોનામહોર છે !'

વહેપારીઓને તો મનમાં એમ જ હતું કે આટલી મોટી કિંમત સાંભળીને, આ ડોશી પણ મહારાજા શ્રેણિકની જેમ ના પાડી દેશે, પણ ભદ્રામાતા એ ફરી પૂછ્યું કે, 'તમે સોળ જ લાવ્યાં છો ? મારે તો ખરેખર બત્રીસ જોઈએ છે.' હવે પેલા વહેપારીઓને થયું કે 'આ ડોશીનું મગજ ખસી ગયું લાગે છે' એટલે તેઓ મૌન રહ્યાં.

**બત્રીસ વહુની સાસુ કેવી હોય ?**

ભદ્રામાતા કોઈ સામાન્ય સ્ત્રી ન હતી. બત્રીસ બત્રીસ વહુઓને જે એક સાથે સંભાળતી હશે એ ભદ્રામાતા કેટલી

હોંશીયાર હશે ! કલ્પના કરો, કેવી રીતે એ બધાને સાચવતી હશે ! સારું છે કે એ જમાનામાં બત્રીસ પત્નીઓ કરી શકાય એવો જે રિવાજ હતો તે આજે નથી, આજે તો તમે એક વહુને પણ સારી રીતે સંભાળો અને રાજી રાખો તો ય ઘણું છે !

ભદ્રામાતા ચકોર હતા, વહેપારીઓનો મનોભાવ એ તરત સમજી ગયા, એમણે પોતાના ખજાનચીને ઈશારો કર્યો અને સોળ રત્નકંબલ માટેની, લાખ લાખ સોનામહોર ભરેલી સોળ થેલીઓ વહેપારીઓને આપીને બધી જ રત્નકંબલ ખરીદી લીધી.

આશ્ચર્યચકિત થયેલા વહેપારીઓ વિદાય લેવા ઉભા થયા ત્યારે ભદ્રામાતાએ કહ્યું, 'ઉભા રહો, એમને એમ ન જશો, તમારી પાસે કાતર છે કે નહિ ? આ સોળ કંબલના બત્રીસ ટૂકડા કરી આપો.' પેલા વહેપારીઓ વિચાર કરે છે કે આ તો લાખ લાખ સોનામહોરની કિંમતવાળી આવી મોંઘી રત્નકંબલોને ફાડી નાંખવાની વાત કરે છે ? એટલે તેઓ પૂછે છે કે 'માજી, આના ટૂકડા કરીને શું કરશો ?' ત્યારે ભદ્રામાતા કહે છે કે 'કાલે સવારે નહાતી વખતે મારી વહુઓ ટુવાલ તરીકે તેને ઉપયોગમાં લઈ લેશે અને પછી વાપરીને ગટરમાં નાંખી દેશે !'

પેલા વહેપારીઓ તો આભા જ બની ગયા છે, તેમણે રત્નકંબલોના બત્રીસ ટૂકડા કરી આપ્યા અને મગધ દેશ માટે તેમજ મગધની પ્રજા માટે મોટા અહોભાવ સાથે પોતાના દેશ જવા પ્રયાણ કર્યું.

મારે તમને અહીં બીજો પણ એક પ્રશ્ન પૂછવો છે કે, 'ભદ્રામાતાએ બત્રીસ કંબલ કેમ માગી ?' તમે કહેશો કે 'બત્રીસ

પુત્રવધુઓ હતી એટલા માટે.' પણ આ બત્રીસમાં અમુક માનીતી અને અમુક અણમાનીતી નહીં હોય ? માનીતી હોય એને સારું સારું આપવું અને બીજી બધી વહુઓને અદેખાઈ કરતી બેસાડી રાખવી, એમ ન થાય ? સાસુને વહુઓની વચ્ચે શું પક્ષપાત ન હોય ? બીજી સાસુઓને ભલે આવો પક્ષપાત હોય પણ ભદ્રામાતાની આંખમાં તો બત્રીસે બત્રીસ વહુઓ એકસરખી હતી, અને એટલે જ એમણે બત્રીસ કંબલ માગી હતી.

અહીં વળી પાછો બીજો વિચાર આવે છે કે એમણે બત્રીસ જ શા માટે માંગી ? તેંત્રીસ કેમ ન માંગી ? વહુઓ માટે રત્નકંબલો ખરીદી તો પોતાને માટે કેમ ન લીધી ? પોતાને મન ન થાય ?

ચાલો, પોતે તો બહુ ભોગવ્યું એમ માનીને પોતાને માટે ભલે રત્નકંબલ ન માંગી પણ પોતાના દીકરા શાલીભદ્ર માટે શાલના રૂપમાં લેવાનો વિચાર કેમ ન કર્યો ? આવો વિચાર પણ આવી શકે.

પરંતુ ભદ્રામાતા સારી રીતે સમજતાં હતાં કે 'મારી વહુઓ સુખી અને ખુશી હશે તો મારો દીકરો સુખી જ રહેશે. દીકરાના સુખની ચિંતા મારે કરવાની જરૂર નથી. એની ચિંતા તો વહુઓ કરશે. મારે તો વહુઓને જ સાચવવાની.' કહો, મા વધુ કોને સાચવે ? દીકરાને કે વહુને ?

તમને લોકોને સંસારમાં પણ સારી રીતે જીવતાં નથી આવડતું તો પછી ધર્મમાં જીવતાં તો કોણ જાણે ક્યારે શીખશો ? ધર્મ એટલે બીજું કંઈ જ નથી. સારી રીતે જીવન જીવતાં શીખવું

એનું નામ ધર્મ છે. જે આપણા વ્યવહારને સુંદર બનાવે એનું નામ ધર્મ.

**લાખ સોનામહોરની શાલ : કામવાળી થઈ ન્યાલ :**

પેલા વહેપારીઓ રત્નકંબલોના બત્રીસ ટૂકડા કરી આપી અહોભાવ અનુભવતા ચાલ્યા ગયા, ભદ્રામાતાએ બત્રીસ વહુઓને બત્રીસ ટૂકડા મોકલી આપ્યા, વહુઓએ બીજી સવારે સ્નાન કરીને શરીર લૂછતી વખતે એનો ઉપયોગ કરીને ખાળમાં નાંખી દીધા ને ભદ્રામાતાને ત્યાં સાફસૂફી કરવા આવનારી કામવાળી બાઈને ટૂકડાઓ લઈ જવાની સૂચના આપી દીધી.

કામવાળી બાઈ તો ન્યાલ થઈ ગઈ. એ તો બધા જ ટૂકડાઓ લઈ ગઈ અને કોઈ સારા તુણનારા વહેપારીને બતાવ્યાં. વહેપારી તો શાલના આ ટૂકડા જોઈને આભો જ થઈ ગયો અને કહ્યું, 'અરે ! આ તો રત્નકંબલ છે, લાવ, આ ટૂકડાઓને જોડી આપું એટલે સુંદર શાલ બની જશે.' તેણે ટૂકડા સાંધીને સુંદર શાલ બનાવી આપી. હવે આ કિંમતી રત્નકંબલ ઓઢીને કામવાળી પણ ખુમારી સાથે ફરવા લાગી.

આ જ કામવાળી બાઈ શ્રેણિક રાજાને ત્યાં રાણી ચેલ્લણાનો બાથરૂમ સાફ કરવા જતી હતી. એક દિવસ આ બાઈ લાખ સોનામહોરની રત્નકંબલ ઓઢીને જ રાણી ચેલ્લણાનો બાથરૂમ સાફ કરવા પહોંચી ગઈ. કામવાળીના શરીર ઉપર આ કિંમતી રત્નકંબલ જોઈને રાણી ચેલ્લણા અજાયબી પામી ગઈ.

તે દિવસે શ્રેણિકની રાજસભામાં નેપાળના વહેપારીઓ રત્નકંબલ વેચવા આવેલા ત્યારે ચેલ્લણાને આ રત્નકંબલ બહુ

જ ગણી ગઈ હતી, તે ખરીદી લેવા રાણીએ મહારાજા શ્રેણિકને ઈશારો પણ કર્યો હતો, પરંતુ શ્રેણિક તે ખરીદી શક્યા ન હતા. જે રત્નકંબલ રાજાની રાણી હોવા છતાં પોતે મેળવી શકી ન હતી તે રત્નકંબલ આ કામવાળીએ ઓઢેલી જોઈને રાણી ચેલ્લણાએ આશ્ચર્યચકિત થઈ તેને પૂછ્યું : 'અરે ! આ શાલ તું ક્યાંથી લાવી ?' ત્યારે કામવાળીએ કહ્યું, 'શાલીભદ્ર શેઠને ત્યાંથી લાવી, મને તો આવા બત્રીસ ટૂકડા મળ્યા છે. શાલીભદ્રની પત્નીઓએ સ્નાન કરીને, આનાથી શરીર લૂછી આ ટૂકડા કાઢી નાંખેલા છે.'

આ વાતે રાણી ચેલ્લણાના પેટમાં તેલ રેડી દીધું. આ શાલ ચેલ્લણાને નહોતી મળી ત્યાં સુધી તો હજી વાંધો નહોતો, પરંતુ પોતે જે ન લઈ શકી એ શાલ બીજા કો'કે લીધી, એ જાણીને તો ચેલ્લણાને ભારે આઘાત લાગ્યો. અદેખાઈ અને અસંતોષે એના હૃદયમાં વિચારોનું તોફાન જગાડ્યું. એને એમ થયું કે 'શ્રેણિક જેવો રાજા પતિ રૂપે મળ્યો તો પણ શો ફાયદો ? એમના ઘરે આવીને હું શું સુખી થઈ ? મને ગમી ગયેલી એક શાલ પણ રાજાએ મને ન અપાવી તો આ ઘરમાં મારી કિંમત શું ?' વિગેરે...

સાંજ પડતાં રાજા શ્રેણિક પોતાના મહેલ પર જઈ રાણીવાસમાં પહોંચ્યાં, ત્યાં રાણી ચેલ્લણા રિસાઈને બેઠી છે, તેણે મોં ફેરવી લીધું. ચેલ્લણાની ઉદાસી અને વિચિત્ર વર્તન જોઈને શ્રેણિક તેને પૂછે છે : 'ચેલ્લણા, તને થયું છે શું ? તું કેમ રિસાણી છે ?' ત્યારે ચેલ્લણા જવાબ આપે છે : 'મને કશું પૂછશો નહિ. રહેવા દો, તમારે ત્યાં આવીને હું શું સુખી થઈ ? તમારા દેશનો

એક નાગરિક બત્રીસ બત્રીસ રત્નકંબલ ખરીદી શકે છે પણ તમે મને એક પણ ન લઈ આપી એનું મને ભારે દુ:ખ થયું છે.

આ વાત સાંભળીને રાજા શ્રેણિક પણ સ્તબ્ધ થઈ ગયા. 'આ શાલીભદ્ર વળી કોણ છે ? જેણે સોળ સોળ રત્નકંબલો ખરીદી લીધી ! મારે એને જોવો જોઈશે.' અને બેચાર દિવસમાં જ રાજા શ્રેણિક શાલીભદ્રને જોવા માટે ભદ્રામાતાની હવેલી ઉપર આવી પહોંચ્યા.

શાલીભદ્ર તો હવેલીના સાતમા માળે તેના પરિવાર સાથે આનંદ-પ્રમોદ કરી રહ્યો છે. ભદ્રામાતાને ખબર પડી કે મગધ સમ્રાટ શ્રેણિક મારે ઘરે આવ્યાં છે એટલે તેઓ તરત દોડીને નીચે આવે છે અને રાજા શ્રેણિકનું સ્વાગત કરે છે : 'પધારો રાજન, અમારા ઘરે આપના પગલા ક્યાંથી ? ફરમાવો, શું કામ પડ્યું છે.' ત્યારે રાજા શ્રેણિક કહે છે : 'મારે શાલીભદ્રને મળવું છે, એમને જોવા છે.'

ભદ્રામાતા કહે : 'શાલીભદ્ર તો હવેલીના સાતમા માળે છે, આપ અહીં બિરાજો, હું હમણાં જ મારા દિકરાને બોલાવું છું.' એમ કહીને ભદ્રામાતાએ રાજા શ્રેણિકને ત્રીજા માળે બેઠકખંડમાં બેસાડ્યાં અને પોતે શાલીભદ્રને બોલાવવા ઉપર ગયાં. સાતમા માળે જઈને ભદ્રામાતાએ દિકરાને કહ્યું, 'બેટા, નીચે ચાલ, શ્રેણિક આવ્યાં છે.'

**શાલીભદ્રનું મનોમંથન :**

શાલીભદ્ર તો એવા મોજશોખમાં જીવતો હતો કે એને કશી ખબર નહોતી કે શ્રેણિક કોણ છે ? શાલીભદ્રનો દેશવિદેશમાં

એટલો બધો વેપાર ચાલે, એટલાં બધાં વહાણો આવતાં હોય, એટલી બધી ચીજો આવતી હોય કે એને માતાની આ વાત સાંભળીને એમ થયું કે 'શ્રેણિક નામની કોઈ ચીજ, કોઈ વસ્તુ, કોઈ કરિયાણું આવ્યું હશે એટલે મા મને બોલાવે છે.'

આમ વિચારીને એ માતા ભદ્રાને કહે છે કે 'મા, હું કોઈ દિવસ ધંધામાં માથું મારું છું કે તું મને કહેવા આવી છે ? શ્રેણિક આવ્યા હોય તો નંખાવી દો વખારે !'

ત્યારે ભદ્રામાતા કહે છે : 'બેટા, આ કોઈ વખારે નાંખવાની ચીજ નથી. આ તો તારા, મારા અને આપણા સૌના રાજા છે. આપણા એ માલિક કહેવાય, એ તને મળવા આવ્યા છે, માટે નીચે ચાલ, મગધનો રાજા શ્રેણિક આપણા ઘરે આવે એ તો આપણું ગૌરવ કહેવાય, આપણે તેમનું સ્વાગત કરવું જોઈએ.'

પણ આ વાત સાંભળીને શાલીભદ્રને એક આંચકો લાગી ગયો કે, આટલો બધો વૈભવ, આટલું બધું સુખ, આટઆટલી સમૃદ્ધિ હોવા છતાં મારા માથે પણ કોઈ માલિક ? હું પણ સ્વતંત્ર નહિ ? બધું જ સુખ હોય પણ જો સ્વતંત્રતા ન હોય તો, એના જેવું બીજું કોઈ દુઃખ નથી. મોટામાં મોટું સુખ છે સ્વતંત્રતાનું. પણ આમાં તો મારી સ્વતંત્રતા ક્યાં રહી ? આખરે તો મારે પણ શ્રેણિકની સત્તાનું બંધન સ્વીકારીને જ જીવવાનું ને ?

'મારા માથે પણ કોઈક માલિક ? મારા માથે પણ કોઈક રાજા ? ને કોઈકને માથા ઉપર રાખીને જ જો જીવવાનું હોય તો ત્રણ લોકના નાથ ભગવાન મહાવીરને જ માથે રાખીને કેમ ન જીવવું ?'

**શાલીભદ્ર સંસારત્યાગના માર્ગે :**

...ને, શાલીભદ્રના મનમાં ઊંડું મંથન ચાલ્યું, ત્યાગના સંસ્કારો તો સંગમે પૂર્વભવમાં નાંખ્યા જ હતા, એ સંસ્કારો જાગૃત થઈ ઉઠ્યા ને 'મારા માથે વળી કોઈક સ્વામી ?' એ મનોમંથનમાંથી જ શાલીભદ્રે નિર્ણય કર્યો કે જીવનને આવું પરાધીન બનાવનાર સંસારનો ત્યાગ કરી પ્રભુ મહાવીરના ચરણોમાં મારે સમર્પિત થઈ જવું.

અને શાલીભદ્રે રોજ રોજ એક-એક સ્ત્રીનો ત્યાગ કરવા માંડ્યો. આ રીતે બત્રીસ સ્ત્રીઓનો બત્રીસ દિવસમાં ત્યાગ કરીને ભગવાન મહાવીરના ચરણોમાં જીવન સમર્પણ કરી નાંખવાનું નક્કી કરી લીધું.

આ સમાચાર શાલીભદ્રની બહેન સુભદ્રા પાસે પહોંચ્યા. એ ધનાજી નામના એક શ્રેષ્ઠીપુત્રને પરણી હતી. આ ધનાજીને પણ આઠ પત્નીઓ હતી. તેમાંની એક સુભદ્રા હતી.

આ સુભદ્રાને ખબર પડી કે 'મારો ભાઈ વૈરાગી થયો છે. રોજ એક-એક પત્નીનો ત્યાગ કરે છે ને હવે થોડાક દિવસોમાં સંસારનો ત્યાગ કરીને એ સાધુ બની જવાનો છે' ત્યારે એને જરા આંચકો લાગ્યો ને એનું હૃદય ભાઈ પ્રત્યેના ઉત્કટ સ્નેહથી વિવશ બની ગયું.

એક દિવસ સવારના પહોરમાં ધનાજી સ્નાન કરી રહ્યા છે, સ્નાનઘરમાં આઠ-આઠ સ્ત્રીઓ ધનાજીની સેવામાં ઉભી છે. કોઈ વિલેપન લઈને ઉભી છે, કોઈ ટુવાલ લઈને ઉભી છે, કોઈ એમના કપડાં લઈને ઉભી છે તો કોઈ એમના માટે અરીસો લઈને ઉભી છે ને ધનાજીનું સ્નાન ચાલી રહ્યું છે.

એ વખતે સુભદ્રાને પોતાનો ભાઈ યાદ આવ્યો. એને થયું 'જે રીતે અમે આઠ પત્નીઓ અમારા પતિની સેવા કરીએ છીએ એમ મારા ભાઈની સેવામાં પણ બત્રીસ-બત્રીસ સ્ત્રીઓ છે. એ બધીને મૂકીને મારો ભાઈ ચાલ્યો જશે ? શું એ સાધુ બની જશે ?' આ વિચાર આવતાં જ સુભદ્રાની આંખો ઉભરાઈ આવી ને આંસુનું એક ટીપું ધનાજીના ખભા પર પડ્યું. ધનાજીને થયું કે 'મારું સ્નાનકાર્ય તો પતી ગયું હતું, શરીર પણ લૂછાઈ ગયું હતું અને વળી આ પાણી ક્યાંથી પડ્યું ?' જુએ છે તો સુભદ્રાની આંખમાં આંસુ હતા !

ધનાજી એકદમ સ્તબ્ધ થઈ ગયા ને વિચારવા લાગ્યા, 'અરે, સુભદ્રા રડે છે ? કેમ રડતી હશે ? શું મારી કોઈ ભૂલ થઈ હશે ? એવું તે શું દુઃખ આવી પડ્યું કે સુભદ્રાને મારા ઘરમાં આવ્યા પછી રડવું પડે ?' આમ ધનાજી પોતાની ભૂલનો વિચાર કરે છે.

'ધન્ના-શાલીભદ્રની ઋદ્ધિ હોજો' એમ લખનારાઓને મારે પૂછવું છે કે તમારા ઘરમાં કોઈ દિવસ પત્નીઓ રડે છે ખરી ? કોઈ દિવસ એમની આંખોમાં આંસુ આવે છે ખરાં ? અને જ્યારે તમે એમની આંખમાં આંસુ જુઓ ત્યારે તમારા મનમાં સૌથી પહેલો વિચાર એ જ આવે ને કે 'મારી કંઈ ભૂલ તો નથી થઈ ગઈ ? મારાથી એને કંઈ ઓછું તો નથી આવ્યું ને ? મારા ઘરમાં આવીને એને શા માટે રડવું પડે ?' આવો વિચાર તમે કરો છો ખરા ?

ધનાજી વિચાર કરે છે કે મારાથી કંઈ ભૂલ થઈ ગઈ હશે, એટલે એ સુભદ્રાને પૂછે છે કે 'સુભદ્રા, શા માટે રડે છે ? મારા

તરફથી કંઈ ભૂલ થઈ છે ? કંઈ ઓછું આવ્યું છે ?' ત્યારે સુભદ્રા કહે છે કે 'ના, આપના તરફથી મને કોઈ તકલીફ નથી, પરંતુ આજે મને મારો ભાઈ યાદ આવી ગયો. એ વૈરાગી થયો છે. રોજ રોજ એક-એક પત્નીનો ત્યાગ કરે છે ને બધું જ છોડીને એ સાધુ બની જવાનો છે. એ વાત યાદ આવી એટલે મને રડવું આવ્યું. ભાઈ પ્રત્યેની લાગણીથી મારું હૃદય ભરાઈ આવ્યું છે.'

**ત્યાગમાં વળી વિલંબ શાનો ?**

આ વાત સાંભળીને ધનાજી તરત બોલી ઊઠ્યા : 'શું કહ્યું ? તારો ભાઈ વૈરાગી થયો છે ને રોજ રોજ એક-એક સ્ત્રીનો ત્યાગ કરે છે ? બાયલો નહિ તો ! ત્યાગ કરવો તો વળી રોજ એક-એકનો શા માટે કરવો ? એક ધડાકે બધાનો ત્યાગ કરી દેવો જોઈએ. આ તો બાયલાપણું કહેવાય.'

એક તો સુભદ્રા રડતી હતી ને એમાં ધનાજી એના ભાઈ માટે ઘસાતું બોલ્યા એટલે એ તો શેહ ખાઈ ગઈ, કાંઈ બોલી નહિ, પણ ધનાજીની બીજી એક પત્નીથી રહેવાયું નહિ, એને લાગ્યું કે પતિદેવ આ રીતે સુભદ્રાના ભાઈને ઉતારી પાડે એ ઠીક નથી કરતા, એટલે એણે કહ્યું, 'સ્વામીનાથ, આપ આ બરાબર નથી કરતા, એક તો સુભદ્રા દુઃખી છે ને એમાં એના ભાઈ માટે આમ ઘસાતું બોલી વધારે દુઃખી કરો છો ! બોલવું તો બધાંને સહેલું છે, કરવું હોય તો ખબર પડે.'

અને ઇતિહાસ એમ કહે છે કે, 'ધનાજી એવા બાયલા નહોતા, એવા કાયર નહોતા કે પત્ની ટોણો મારે તે છતાં ધનાજી સંસારના પગ પકડીને બેસી રહે. પત્નીએ જ્યાં એમ કહ્યું કે,

'બોલવું તો સહેલું છે, કરવું હોય તો ખબર પડે' એટલે તરત જ, એ જ સમયે ધનાજી બાથરૂમમાંથી ઉભા થઈ ગયા, ને કહ્યું, 'તો લે, આ કરી બતાવ્યું. આ જ મિનિટે તમારો આઠેયનો ત્યાગ કરું છું. ને ભગવાન મહાવીરના ચરણે જીવન સમર્પણ કરું છું ! હું જાઉં છું... આવજો !'

ને એમ કહીને ધનાજી બાથરૂમમાંથી જ ચાલી નીકળ્યા, સડસડાટ કરતાં હવેલી છોડી દીધી, રસ્તામાં આવતી શાલીભદ્રની હવેલી પર પહોંચ્યા અને ત્યાં પહોંચીને નીચેથી બૂમ મારી, 'શાલીભદ્ર, ઓ... શાલીભદ્ર ! બહાર આવ.' ને શાલીભદ્ર બહાર આવ્યા. ત્યારે ધનાજીએ કહ્યું, 'શાલીભદ્ર, આમ બાયલો થઈને રોજ એક-એક પત્નીનો ત્યાગ શું કરે છે ? એક ધડાકે બધાનો ત્યાગ કરવાની હિંમત નથી ચાલતી ? ચાલ, હું જાઉં છું ભગવાન મહાવીર પાસે, તું પણ મારી સાથે ચાલ, આપણી સાળા-બનેવીની જોડી સારી રહેશે.' ને શાલીભદ્ર પણ સડસડાટ કરતા નીચે ઉતરી ગયા.

આમ, ધનાજી અને શાલીભદ્રે સમગ્ર સંસારનો તરત જ ત્યાગ કર્યો અને ભગવાન મહાવીરના ચરણે જીવન સમર્પી દીધું. બંને સંસારી મટીને સાધુ બની ગયા અને આત્મસાધનાનો માર્ગ પકડી લીધો.

**ત્યાગનો સંસ્કાર ગુણાકાર પામે છે...**

મારે તમને એ બતાવવું છે કે સંગમના ભવમાં ત્યાગનો જે એક સંસ્કાર નંખાયો હતો એના કેટલા બધા ગુણાકાર થયા ! સંગમના ભવમાં એણે ત્યાગનો જે એક સંસ્કાર નાંખ્યો હતો એના

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચારેય રીતે ગુણાકાર થયા. આ વાતને થોડી વિસ્તારથી વિચારીએ.

શાલીભદ્રના જીવે પૂર્વના સંગમના ભવમાં મુનિરાજને ખીર વહોરાવીને ત્યાગનો જે એક નાનો સંસ્કાર નાખ્યો હતો તે ત્યાગનાં દ્રવ્યો કેટલાં હતાં ? કેટલી ચીજોનો ત્યાગ કર્યો હતો ? એક માત્ર ખીરનો ત્યાગ કર્યો હતો.

એનું ક્ષેત્ર કેટલું સીમિત હતું ? થાળી એ જ એનું ક્ષેત્ર હતું, અને એનો કાળ કેટલો હતો ? માની લો કે એણે એક થાળી ખીરનો ત્યાગ કર્યો ન હોત ને પોતે જ ખાધી હોત તો એક થાળી ખીર ખાતાં કેટલી વાર લાગત ? અંદર ઉતરી ગયા પછી તો એનો કોઈ સ્વાદ આવવાનો નહોતો, એટલે ખીરનો સ્વાદ માણવાનો એનો કાળ કેટલો હતો ? ખાવા પાછળ જે જાય તે દશ મિનિટ, પંદર મિનિટ... કે બહુ બહુ તો અડધો કલાક.

અને ભાવ શો હતો ? આખું જીવન પેલા મુનિ મહારાજના ચરણે ધરી દેવાનો ભાવ હતો ? ના, માત્ર પોતે ખાધા પહેલાં ખવડાવવાનો, પોતાની ખીર મુનિ મહારાજને વહોરાવવાનો જ ભાવ હતો... ને આવા સંસ્કાર લઈને એ મૃત્યુ પામ્યો ત્યારે બીજા ભવમાં એના કેટલા બધા ગુણાકાર થયા !

સંગમના પૂર્વભવમાં ત્યાગ કર્યો ત્યારે દ્રવ્ય તરીકે ખીર હતી, જ્યારે શાલીભદ્રના ભવમાં એણે ત્યાગ કર્યો ત્યારે ત્યાગનાં દ્રવ્યો કેટલાં બધાં હતાં ? રોજની નવ્વાણું નવ્વાણું પેટીઓ, બત્રીસ બત્રીસ પત્નીઓ, વાત્સલ્ય વહાવતી માતા... આ બધી ચીજોનો એણે એકસાથે ત્યાગ કર્યો. આમ ત્યાગના સંસ્કારના દ્રવ્યથી ગુણાકાર થયા.

પૂર્વભવમાં એણે ત્યાગ કર્યો ત્યારે ત્યાગનું ક્ષેત્ર માત્ર એક નાની થાળી જેટલું હતું, જ્યારે શાલીભદ્રના ભવમાં તો સાત સાત માળની હવેલી હતી, એટલું જ નહિ પણ શ્રેણિક રાજા પણ શાલીભદ્ર ઉપર ખુશ હતા એટલે આખા મગધમાં જ્યાં જઈને મોજશોખ કરવા હોય ત્યાં જઈને કરી શકે એવા અનુકૂળ સંજોગો હતા. એમ કહેવાય કે જો એ ઈચ્છે તો આખા ય મગધમાં સુખ ભોગવી શકે તેવું એનું પુણ્ય હતું. પરંતુ એ બધાયનો એણે ત્યાગ કર્યો, એટલે ક્ષેત્રથી પણ ગુણાકાર થયા.

પૂર્વભવમાં એણે ખીરનો ત્યાગ કર્યો ત્યારે ત્યાગનો કાળ એક થાળી ખીર ખાતાં જેટલો સમય - બહુ બહુ તો અડધો કલાકનો હતો, જ્યારે શાલીભદ્રના ભવમાં તો એમણે જો દીક્ષા ન લીધી હોત તો, એના સદ્‌ગત પિતા એના માટે રોજ નવ્વાણું પેટીઓ ઉતારતાં થાકવાના ન હતા. એટલે વર્ષો સુધી પોતે મોજશોખ કરી શકે એવી શક્યતા હતી, પણ એનો ય ત્યાગ કર્યો એટલે કાળથી પણ ત્યાગના સંસ્કારના ગુણાકાર થયા.

અને પૂર્વભવમાં એણે ત્યાગ કર્યો ત્યારે ભાવ માત્ર ખીર આપી દેવાનો અને સાથે જ સાચી અનુમોદનાનો હતો, જ્યારે શાલીભદ્રના ભવમાં તો એ ભાવ સમગ્ર જીવન પરમાત્માનાં ચરણમાં સમર્પિત કરી દેવા સુધી પહોંચી ગયો, અને સાધના કરતાં કરતાં જ્યારે એમ લાગ્યું કે હવે આ દેહ પણ આત્મસાધનામાં ઉપયોગી નથી રહ્યો ત્યારે છેલ્લે વૈભારગિરિ ઉપર જઈને, એક મહિનાનું અણસણ કરીને દેહભાવનો પણ છેલ્લે ત્યાગ કરી દીધો. આમ ભાવથી પણ કેટલાબધા ગુણાકાર થયા !

**સંસ્કાર : જન્મજન્માંતરના સાથીદાર**

માનવજીવનમાં તમે જે સંસ્કાર લઈને મરશો એ સંસ્કાર જન્મજન્માંતરમાં તમારી સાથે રહેવાના છે એટલું જ નહિ પણ એ સંસ્કારના દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી સતત ગુણાકાર થતાં રહેવાનાં છે. આ અદ્‌ભૂત તત્ત્વજ્ઞાનને સમજી લઈને આપણે પણ આપણા મૃત્યુ વખતના સંસ્કારો માટે આજથી જ જાગૃત બની જવાની જરૂર છે.

મુનિના ભવમાં નંખાયેલો ક્રોધનો એક સંસ્કાર ગુણાકાર પામીને ચંડકૌશિકના ભવમાં અનેકગણો થઈ ગયો, અને સંગમના ભવમાં નંખાયેલો ત્યાગનો એક સંસ્કાર શાલીભદ્રના ભવમાં ગુણાકાર પામીને અનેકગણો થઈ ગયો. આવું જ આપણા જીવનમાં પણ બની શકે એમ છે.

માનવજીવનમાં મૃત્યુ વખતે જે સંસ્કાર હશે તે જ જન્મજન્માંતરમાં સાથે આવવાના છે, એ વાત સાચી પણ મૃત્યુ વખતે આત્મામાં ક્યા સંસ્કાર જાગ્રત થશે ? જે જીવનભર ઘૂંટ્યા હશે તે. જીવનમાં જો સારા સંસ્કાર વાવ્યા નહિ હોય તો મૃત્યુ સમયે કોઈ સારા સંસ્કાર ચિત્તમાં જાગ્રત થઈ જાય એવી આશા ન રાખશો.

મૃત્યુ સમયે આપણે ભાનમાં હોઈશું કે બેભાન હોઈશું તેની કશી જ આપણને આજે ખબર નથી. સંભવ છે કે મૃત્યુ આવે ત્યારે આપણે અર્ધબેભાન અવસ્થામાં પણ હોઈએ, અને તે વખતે તો, જીવનભર ઘૂંટેલા કે સબકોન્શિયસ માઈન્ડમાં પડેલા સંસ્કારો જ જાગ્રત થવાના છે.

તમારા કોન્શિયસ માઈન્ડમાં કે સબકોન્શિયસ માઈન્ડમાં આજથી જ પરમાત્મભક્તિના, ધર્મભાવનાના, સદ્‌વિચારના અને બીજાઓ પ્રત્યેની સદ્‌ભાવનાના શુભ સંસ્કારો જ નાંખતા રહો કે જેથી મૃત્યુ વખતે એ સંસ્કારો જાગ્રત થાય અને જન્મજન્માંતરમાં એના ગુણાકાર થતા રહે.

આજે જ નક્કી કરો કે ક્યા સંસ્કારો લઈને મરવું છે ? જે સંસ્કારો લઈને મરવું હશે તે સંસ્કારો આજથી જ મનમાં ઘૂંટવા પડશે. જીવનભર ઘૂંટેલા સંસ્કારો જ મૃત્યુ વખતે જાગ્રત થશે અને મૃત્યુ વખતે સાથે રહેલા સંસ્કારો જ પરલોકમાં પણ સાથે આવશે, અને ઉત્તરોત્તર એ જ સંસ્કારોના ગુણાકાર થતાં જશે. એટલે આપણું ભવિષ્ય કેવું બનાવવું છે તેનો નિર્ણય આપણે જ કરવાનો છે.

**મુક્તિ, સદ્‌ગતિ, સમાધિ અને શાંતિ :**

આપણા સૌનું અંતિમ લક્ષ્ય તો એક જ છે : મુક્તિની પ્રાપ્તિ. પરંતુ આ મુક્તિ કોને મળે, અને કેવી રીતે મળે ? જેણે મુક્તિ મેળવવી હોય એણે મુક્તિ પહેલાં પરલોકમાં સદ્‌ગતિ મેળવવી જોઈએ. પરંતુ પરલોકમાં સદ્‌ગતિ પણ કેવી રીતે મળે ? જેને મૃત્યુમાં સમાધિ હોય તેને જ પરલોકમાં સદ્‌ગતિ મળે. મૃત્યુમાં જેને સમાધિ નથી તેને પરલોકમાં સદ્‌ગતિ પણ મળતી નથી. એટલે આપણે મૃત્યુમાં સમાધિ તો મેળવી જ રહી. પણ હવે પ્રશ્ન થાય છે કે : મૃત્યુમાં સમાધિ કોને મળે ? જેના જીવનમાં શાંતિ હોય તેને. જે આખું જીવન હાયવોય કરીને કે અશાંતિમાં જીવ્યો હોય તેને મૃત્યુ વખતે સમાધિ પ્રાપ્ત થાય તેવી આશા રાખવા જેવી નથી.

જીવનમાં શાંતિ હશે તો મૃત્યુમાં સમાધિ મળશે.
મૃત્યુમાં સમાધિ હશે તો પરલોકમાં સદ્‌ગતિ મળશે.
પરલોકમાં સદ્‌ગતિ હશે તો જ અંતે મુક્તિ મળશે.
બધાંનો મૂળ પાયો છે જીવનમાં શાંતિ પામવી તે.

જીવનમાં શાંતિ કોને આવે ? જેના હૃદયમાં સારા સંસ્કારો કેળવાયા હોય તેને જ જીવનમાં શાંતિ મળે. જે અવળા સંસ્કારોમાં જીવ્યો હોય તેને તો અશાંતિ જ મળે ને !

ધર્મ એટલે બીજું કાંઈ જ નથી.

જીવનને શાંતિભર્યું બનાવે એનું નામ ધર્મ છે.

અંતરને અશાંત બનાવનાર રાગ અને દ્વેષના ઉન્માદોને ઓછાં કરાવી આપે એનું નામ ધર્મ છે.

જડજગત પ્રત્યેની આસક્તિઓ અને જીવજગત પ્રત્યેની દુર્ભાવનાઓ શમાવી દે એનું નામ ધર્મ છે.

ટૂંકમાં, અંતરમાંથી અશુભ સંસ્કારોને ઉખેડી દે, શુભ સંસ્કારોનું વાવેતર કરાવી દે, જીવનમાં સાચી શાંતિનો અનુભવ કરાવે અને પરંપરાએ મુક્તિની પ્રાપ્તિ કરાવી દે એનું નામ ધર્મ.

આવા શુદ્ધધર્મની સ્પર્શના દ્વારા તમે અને હું - આપણે સૌ આત્મકલ્યાણ પ્રાપ્ત કરીએ એ જ એક અભિલાષા.

❑

# પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ : એક પરિચય

જ્ઞાન, પ્રેમ અને આનંદની મૂર્તિસમા પૂજ્ય જિનચંદ્રજી મહારાજના અંતરમાંથી વહેતી જ્ઞાનગંગાને.. એમની હૃદયસ્પર્શી મધુરવાણીને પુસ્તકો દ્વારા અને ઓડિયો-વિડીયો સી.ડી. અને ડી.વી.ડી દ્વારા ઘર-ઘરમાં પહોંચાડવાનું કાર્ય 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ' દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી થઈ રહ્યું છે.

અત્યાર સુધીમાં પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો કેસેટો, લગભગ ૧૦૦ જેટલી વિડીયો કેસેટો તથા ઓડિયો સી.ડી., વિડીયો સી.ડી. તેમજ એમ.પી.થ્રી. સી.ડી. આ ટ્રસ્ટ દ્વારા પ્રગટ થઈ ચૂકી છે.

આજના યુગમાં ભારતીય સંસ્કૃતિના મંગલમય તત્વોને તથા માનવ માત્ર માટે ઉપયોગી એવી પ્રભુ મહાવીરની વાણીને અમે દેશ વિદેશમાં ગૂંજતી કરી શક્યા છીએ તેનું અમને ગૌરવ છે. જ્ઞાન પ્રસારનું કાર્ય હજી વધુ સારી રીતે અને વ્યાપક રીતે કરવાની અમારી ઝંખના છે. અને તે માટે દેશ વિદેશના અનેક ભાવિકોનો ઉદારતાભર્યો સહયોગ અમને મળતો જ રહેશે તેવી શ્રદ્ધા છે.

'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ'નું મુખ્ય કાર્યાલય તીથલ મુકામે શાંતિધામ આરાધના કેન્દ્રમાં આવેલું છે. પૂજ્ય બંધુત્રિપુટી મુનિવરશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રવચનોની ઓડિયો-વિડીયો સી.ડી., ડી.વી.ડી. તેમજ પુસ્તકો વિગેરે સઘળું સાહિત્ય નીચેના સરનામેથી મળી શકે છે. જિજ્ઞાસુઓએ સંપર્ક કરવા વિનંતી છે.

**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, શાંતિધામ આરાધના કેન્દ્ર**
મુ. તીથલ - ૩૯૬ ૦૦૬, જિ. વલસાડ (દ. ગુજરાત)
ફોન : (૦૨૬૩૨) ૨૫૫૮૭૪ ફેક્સ : (૦૨૬૩૨) ૨૪૭૯૭૪
website : www.jinjimaharaj.com
e-mail : jinjimaharaj@yahoo.co.in

## મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ ( બંધુત્રિપુટી ) નો ટૂંક પરિચય

જૈન જૈનતર સમાજમાં ' બંધુ ત્રિપુટી ' તરીકે જાણીતા ક્રાંતિકારી મુનિઓમાં સૌથી નાના લઘુબંધુ શ્રી જિનચંદ્રજી મહારાજ દેશ વિદેશમાં તેજસ્વી વકતા તરીકે ખૂબજ જાણીતા છે.

મુનિશ્રી જિનચંદ્રજી મહારાજે માત્ર આઠ વર્ષની નાની વયે જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા જીવનના પ્રારંભના વીસ વર્ષ સુધી મહાન જૈન આચાર્યોના સાન્નિધ્યમાં રહીને તત્વજ્ઞાનના ગ્રહન શાસ્ત્રોનો અભ્યાસ, તપશ્ચર્યા અને ગુરૂ પરંપરાથી પ્રાપ્ત અનેક સાત્વિક મંત્ર સાધનાઓ દ્વારા તેમણે પોતાની આંતરિક શકિતઓનો વિકાસ કર્યો છે એને દિવ્ય અનુભૂતિઓ પ્રાપ્ત કરી છે.

મુનિશ્રી જિનચંદ્રજી માતા સરસ્વતીના મહાન ઉપાસક છે. તેમના હૃદયસ્પર્શી પ્રવચનો સાંભળવા માટે દેશ વિદેશમાં જિજ્ઞાસુઓની ભીડ જામતી હોય છે. મુનિશ્રીના પ્રવચનો સાંભળીને અનેક વ્યકિતઓના હૃદય પરિવર્તન થતા રહ્ય છે, વિદેશોમાં પણ સેંકડો લોકોએ માંસાહાર અને મદ્યપાનનો ત્યાગ કર્યો છે, અનેક કુટુંબોમાં શાંતિ સ્થપાઈ છે અને જીવન પરિવર્તનો એક નવો જ ઈતિહાસ સર્જાયો છે.

'સંસ્કારોના ગુણાકાર' વર્ષો પહેલા મુંબઈ–વાલકેશ્વરમાં 'મફતકાકાના' બંગલે થયેલું મુનિશ્રીનું આ પ્રવચન ખૂબ જ લોક પ્રિય બનેલું, અને તેના પુસ્તકની અનેક આવૃત્તિઓ થઈ હતી. અપ્રાપ્ય બનેલા આ પુસ્તકની દશમી આવૃત્તિ અહીં પ્રકાશિત થઈ રહી છે.




પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ
શાંતિધામ આરાધના કેન્દ્ર, તિથલ (વલસાડ) ગુજરાત.

Urmi Printers 6354335305/9898864284